GJVD020263172023

| | |
|---|---|
| દાખલ તારીખ | : ૦૧/૦૮/૨૦૨૩ |
| રજીસ્ટર્ડ કર્યા તારીખ | : ૦૧/૦૮/૨૦૨૩ |
| ફેસલ તારીખ | : ૧૧/૦૫/૨૦૨૬ |
| સમય ગાળો | : વર્ષ માસ દિવસ |

---

**વડોદરા ના મ્હે. ૧૦માં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(એસ. આર. આહુજા સાહેબશ્રી) ની કોર્ટમાં, મુ. વડોદરા**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૨૫૩/૨૦૨૩**
**આંક–**

**અરજદાર :–** **(૧) મનીષાબેન રેનીશકુમાર આનંદ તે મકવાણા રેવાભાઈની દીકરી**
હાલ રહે., ૪૦૨ અલ્પાઈન હાઈટસ, દીપ પાર્ટી પ્લોટ ની સામે, અટલાદરા વડોદરા.

**વિરૂધ્ધ.**

**સામાવાળા :–** **(૧) રેનીશકુમાર મહેશભાઈ આનંદ (પતિ)**
**(૨) પરમાર મહેશભાઈ હરીશભાઈ (સસરા)**
**(૩) પરમાર મધુબેન મહેશભાઈ (સાસુ)**
તમામ રહે., ૧૮૨ રાજસ્થંભ સોસાયટી, પોલો ગ્રાઉન્ડની સામે, વડોદરા ૩૯૦૦૦૧.

**વિષય :– ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૩,૧૨,૧૭,૧૮,૧૯,૨૦,૨૧,૨૨ તથા ૨૩ મુજબ.......**

===

**અરજદાર તરફે વિધ્વાન વકિલ સુગંધા. પી.બને**
**સામાવાળા તરફે વિધ્વાન વકિલ આર.જે શુકલા**

===

## -:: ઠ રા વ ::-

1. અરજદારોની અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

અમો અરજદાર હાલમાં અમારી પુત્રી સાથે ઉપરના સરનામે ભાડે રહી રહેલ છે. અમો અરજદારનાં લગ્ન સામાવાળા સાથે તા.૩૦/૦૪/૨૦૧૫ નાં રોજ હિન્દુ શાસ્ત્રોક્ત વીધી અનુસાર કંસા ગામે, વિસનગર, મહેસાણામાં થયેલા જે લગ્ન મહેસાણામાં તા. ૧૬/૦૧/૨૦૧૭માં રજીસ્ટર થયેલા છે. લગ્નબાદ અમો અરજદાર લગ્ન સમય મળેલ તમામ સ્ત્રી ધન લઈ સામાવાળા સાથે તેમના સયુંકત કુટુંબમાં વડોદરા મુકામે રહેવા આવેલા.લગ્નબાદ સામાવાળાનાં ઘરે અમો અરજદારને બીજા દિવસથીજ લગ્નમાં આપેલ ચીજવસ્તુઓ ઉપરથી સામાવાળાઓ એ અમારી જેઠાણીનાં પિયર માંથી આવેલ વસ્તુઓ સાથે કમ્પેરીઝન કરવાનું ચાલુ કરી દીધેલ તેમના બોલવાના ટોન ઉપરથી એવું ફલિત થતું હતું કે તેઓને અમારા અરજદારના ઘરનાએ ફટીચર રીતે લગ્ન કરી આપેલ છે તેવું લાગતું હતું. અને અમો અરજદાર દહેજમાં ખાસ કશું લાવી શકેલ નથી એવો વાર્તાલાપ કરી અમો અરજદારને આડકતરી રીતે માનસીક ત્રાસ આપવાનું ચાલુ કરી દીધેલ. આ બાબતે અમો અરજદારે અમારા પતિ એટલે કે સામાવાળ નં.૧ ને જણાવતા તેઓએ અમોને જણાવી દીધેલ કે તું તારા પિયરનાંઓ સાથે અને મીત્ર મંડળ સાથે વાતચીત કરવાનું બંધ કર અને ઘરના કામકાજમાં ધ્યાન આપ તું નોકરી કરે અટેલે ઘરનું કામ નહી કરે એવું નહી ચાલે તારે નોકરી સાથે ઘરનું કામ પણ તારેજ કરવુજ પડશે તથા તારા પગારથી જ હવે ઘર પણ ચાલશે. એટલુંજ નહી પરંતુ અમો અરજદારને કોઈ ફોન આવે તો પણ તે ઉપાડતા પહેલાં સામાવાળાની પરવાનગી લીધા વગર ઉપાડવાનો નહી એવું પણ જણાવેલ. અમો અરજદાર સામાવાળાનાં આવા વર્તનથી ખુબજ ડરી ગયેલા અને ડરી ડરીને ફોન ઉપર અમારા માતા-

પિતા સાથે વાત કરતા તો પણ સામાવાળા નં. ૨ અને ૩ અમારા ઉપર ધ્યાન રાખતા અને સામાવાળા નં.૧ ને તે બાબતે જણાવતા કે આજે અમો અરજદારે કેટલા વાગે અને કોની સાથે વાત કરી, અને પછી સામાવાળા ન. ૧ અમોને ખુબજ વઢતા, આમ અમો અરજદાર વગર વાંકે ડરી ડરીને રહેતા આવેલા છે. અમો અરજદાર નોકરી કરતા હોઈ અમોને જો કોઈ પુરુષ કલીગનો ફોન આવે તો પણ સામાવાળા અમો અરજદાર ઉપર ખોટી ખોટી શંકાઓ કરી અમારી સાથે ઝગડો કરતા અને અમારા ફેસબુક એકાઉન્ટ ડીલીટ કરાવી દીધા તેમજ અમારા વોટ્સઅપ તથા અન્ય સોશિયલ મીડિયાનાં તમામ એકાઉન્ટ બંધ કરાવી દીધા અને અમારો નંબર પણ બંધ કરાવી દીધો અને નવો નંબર આપવ્યો અને તાકીદ કરી કે આ નવો નંબર અમો અરજદારે સામાવાળાને પૂછ્યા વગર કોઈને આપવાનો નથી. આમ સામાવાળાઓ એ અમો અરજદારને લગ્ન થયેથીજ માનસીક તથા શારીરીક ત્રાસ આપવાનું ચાલુ કરી દીધેલ. ત્યારબાદ અમો અરજદાર ઓગસ્ટ ૨૦૧૬માં પ્રેગનન્ટ થતા નોકરી સાથે ઘરકામની જવાબદારી ઉઠાવી શકે તેમ ન હોઈ ઘરકામમાં થોડી પણ ભૂલ થાય તો સામાવાળાઓ અમો અરજદારને મહેણાંટોણા મારતા કે સુવાવડી સ્ત્રીએ વધુ કામ કરવું જોઈએ જેથી છોકરો આવે, નહી તો છોકરી જ આવશે. આમ, અમો અરજદારને છોકરો જ આવે તેમ જણાવી તેવી માનસીકતાથી કામ કરાવતા રહેતા અને બધો પગાર પોતે લઈ લેતા અને અમો અરજદારને પોષ્ટિક આહાર પણ મળતો ન હતો. આમ તમામ સામાવાળા અમો અરજદારને શારિરીક ત્રાસ પણ ગુજારતા હતા. અમો અરજદારને પ્રેગનન્ટ હોવાથી કોઈ ઈમરજન્સી આવે તે માટે ફોન ઉપર કે વોટ્સઅપ વિગેરે ઉપરથી ઓફીસનું વર્ક ઘરેથી કરવા માટે ફોનમાં તમામ સોશિયલ મીડિયાની જરૂર પડતા સામાવાળા નં.૧ ને રીક્વેસ્ટ કરતા તે વાપરવાની પરવાનગી મળતા ઓફીસ સ્ટાફ માંથી કોઈ પુરુષ કર્મચારીનો ફોન આવે તો પણ સામાવાળા નં.૧ ચારિત્ર

ઉપર શંકાઓ કરી ઝગડો કરી અમો અરજદારને ખાવા પીવાની બાબતોમાં ત્રાસ આપતા. ત્યારબાદ તા. ૦૯/૦૫/૨૦૧૭નાં રોજ અમો અરજદારે એક પુત્રી નામે રીશીકા ને જન્મ આપતા તમામ સામાવાળાઓ નો અમારા અસીલે પુત્રની જગ્યા એ પુત્રી ને જન્મ આપી ને જાણે કે મોટો અપરાધ કર્યો હોઈ તેમ અમો અરજદાર ઉપર કામકાજ તથા બાળકનાં જન્મથી ઘરમાં ઘરખર્ચમાં તથા ઘરકામમાં વધારો થયેલ હોવાથી જબરજસ્ત માનસીક,શારીરીક તથા આર્થિક બોજો અમો અરજદાર ઉપર નાખવાનું ચાલુ કરી દીધેલ. જેથી અમો અરજદારને થાઈરોઈડ થઈ ગયેલ. મેટરનીટી લીવ પુરી થઈ જતા અમો અરજદારને ઘરખર્ચ તથા અમારી બાળકીનાં તમામ ખર્ચ કરવાના હોવાથી દૂધ પીતી બાળકીને મુકીને નોકરીએ જવું પડતું હતું અને રીસેસ ટાઈમમાં બાળકીને દૂધ પીવડાવા ઘરે આવીએ તો સાસુ સસરાએ ઘરના કામ તૈયાર જ રાખેલ હોઈ તે પણ કરવા પડતા હતા. આમ, અમો અરજદાર લગ્ન કરીને જાણે કે કોઈ મોટો ગુન્હો કરેલ હોય તેમ રોજ રોજ એક ગુન્હેગારની જેમ શારીરિક, માનસીક તથા આર્થિક ત્રાસ ભોગવતા આવેલા છે. સામાવાળા નં.૧ એ ક્યારે અમો અરજદારનો કે અમારી પુત્રીનો ભરણપોષણનો કોઈ ભાર ઉપાડેલ નથી અમો અરજદાર પાસે સામાવાળા નં. ૧ તથા સામાવાળા નં.૩ એ મોબાઈલની માગણી કરતા તે પણ અમો અરજદારે તેઓને આપાવેલ છે. તથા ફોર વ્હીલર કારની માંગણી કરતા તે પણ સામાવાળાઓ ને અપાવેલ છે. આમ, અમો અરજદારે અમારી તમામ કમાણી ઘરખર્ચ તથા સામાવાળાઓ ની માંગણી સંતોષવામાં વાપરી નાખેલ હોવા છતાં, સામાવાળાઓ અમો અરજદાર સાથે ક્યારેય સરખી રીતે વ્યવહાર કરતા ન હતા. આમ, તદન ખોટી ખોટી શંકાઓ કરીને અમો અરજદારને તમામ સામાવાળાઓ શારીરીક, માનસીક તથા આર્થિક રીતે ત્રાસ આપતા આવેલા છે. જાન્યુઆરી ૨૦૨૧માં શની–રવિની રજા હોવાથી અમો અરજદારે અમારા બહેનાનાં ઘરે અમદાવાદ

મુકામે જવાની વાત કરતા, ઘરનું કામ કોણ કરશે તે બાબતે ઝગડો કરી અમો અરજદારને સામાવાળાએ ગંદી ગંદી ગાળો આપીને પહેરેલ કપડે ઘરમાંથી ઘસેડી ઘસેડીને બાળકી સાથે બહાર કાઢી મૂકી અને જણાવેલ કે હવે પાછી નાં આવતી તારે રહેવું તો મારા હિસાબેજ પડશે નહી તો મારે તારી કોઈ જરૂર નથી. જેથી અમો અરજદાર થોડો વખત અમારા બહેનનાં ઘરે રહેલા પરંતુ અમારી બહેનને પણ અમારા સાસરિયાઓ તથા અમારા પતિ એટલે કે સામાવાળા નં.૧ નાં ગુસ્સાની જાણ્ હોવાથી તે પણ ખુબજ ડરી ગયેલ હોઈ અમો તેમની જીદંગીમાં કોઈ તકલીફ આવે તેવું ઈચ્છતા ન હોઈ તથા અમારી નોકરી વડોદરા મુકામે હોઈ અમો વડોદરામાં ભાડાનાં મકાનમાં રહીએ છીએ અને અમારા પતિ અને સાસરિયાઓ ગુસ્સેલ સ્વભાવના હોઈ અમો હાલ પણ ડરી ડરીને રહેતા આવેલ છે. અમો એક બાળકીની માતા હોઈ અમોને તેની ચિંતા હોઈ સામાવાળાનાં ગુસ્સેલ સ્વભાવનો તેણીને ભોગનાં બનવું પડે તે હેતુથી સદર ફરિયાદ અરજ દાખલ કરવાની ફરજ પડેલ છે. એટલુંજ નહીં પરંતુ અમો અરજદારે સામાવાળા સાથે લગ્ન જીવનની સમસ્યા નિવારવા માટે સામાવાળાને વકીલ મારફતે નોટીસ મોકલાવેલ કે સામાવાળા નં.૧ તથા તેમના સબંધીઓ એટલે કે સામાવાળા નં.૨ અને ૩ અમો અરજદાર સાથે તેમનું વર્તન નહી સુધરે તો અમો સામાવાળા નં.૧ થી છૂટાછેડા લઈ લઈશું. પરંતુ, સામાવાળાએ તે નોટીસનો અર્થ એવો કાઢ્યો કે અમો છૂટાછેડા લેવા માટે ખોટી નોટીસ મોકલાવેલ છે અને તે નોટીસનો જવાબ પણ સામાવાળાએ તે રીતે જ આપેલ છે. આમ, સામાવાળાઓ ફક્ત અને ફક્ત અમો અરજદારને જ બદનામ કરવા માગે છે. પોતે સુધરવા માંગતા જ નથી. તેઓ અમો અરજદારને ક્યારેય સમજવા માગતાજ નથી. તેમના માટે અમો ફક્ત અને ફક્ત એક નોકરી કરનાર કમાઉ કામવાળી છે જે ચોવીસ કલાક તેમની સેવામાં તન. મન, ધન સાથે ઉપસ્થીત રહેં. સામાવાળા

નં.૧ એ ક્યારેય અમારી કે અમારી પુત્રીની ભરણપોષણની કોઈ જવાબદારી ઉઠાવેલ નથી. સામાવાળા એન્જીનીયર થયેલા છે. તેઓ લીડ ડીઝાઈન ઈન્જીનીયર તરીકે વર્તી ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં નોકરી કરે છે અને વર્ષે ૧૫ લાખનું પકેજ ધરાવે છે તેમની મહિનાની ઈન હેન્ડ સેલેરી રૂ. ૧,૫૦,૦૦૦/– જેટલી છે. તેઓએ કયારેય કોઈ ખર્ચ અમો અરજદાર માટે કે અમારી પુત્રીનાં ભારણપોષણ માટે કરેલો નથી. આનાથી ઉલટ તેઓ અમો અરજદારનાં પગારથી જ ઘર ચલાવતા આવેલ છે અને પોતાની આવક માંથી સેવિંગ કરતા આવેલા છે. એટલુંજ નહી પરંતુ તેઓ પાસે બેંક બેલેન્સ તથા સ્થાવર મિલકતો પણ છે. અમો અરજદારની દીકરીનું ભરણપોષણ અમો એકલે હાથેજ કરી રહેલ છે, અમો ભાડાનાં મકાનમાં રહીએ છે તેનું ભાડું, લાઈટબીલ, મેન્ટેનન્સ ચાર્જ તથા અમારી પુત્રીની સ્કુલ ફી, ટ્યુશન ફી, કપડા લત્તા,ખાવાપીવા, મેડીકલ ખર્ચ સ્ટેશનરી, યુનિફોર્મ, અન્ય ચાઈલ્ડ ડેવલપમેન્ટ એક્ટીવીટી કોચીગ તથા સ્કુલ વાન ચાર્જીસ તથા અન્ય રીક્રીએશન ચાર્જીસ જેવાકે બર્થ ડે પાર્ટી રીટર્ન ગિફ્ટ્સ, આઉટીંગ પીકનીક વિગેરે તમામ ખર્ચ અમો અરજદાર એકલે હાથે કરી શકીએ તેમ નથી. અમારી આવક સામાવાળા નં.૧ કરતા ખુબજ ઓછી છે અમો તથાં અમારી પુત્રી સામાવાળાઓનાં સ્ટેટ્સ પ્રમાણે રહી શકતા નથી. સામાવાળાને અમો અરજદારની પુત્રી સિવાય કોઈની ભરણપોષણની જવાબદારી નથી. હાલ અમો થાયરોઈડથી પીડાઈ રહેલ છે. ભવિષ્યમાં આ રોગ વકરો થાય તો અમો અરજદાર નોકરી પણ કરી શકવા સક્ષમ નહી રહીએ ત્યારે અમો અરજદારનાં ભરણપોષણની જવાબદારી પણ સામવાળા ઉપર જ આવશે, હાલ અમો નોકરી કરતા હોઈ અમારૂં અને પુત્રીનું ભરણપોષણ જેમ તેમ કરી રહેલ છે. બાળકના ભરણપોષણની જવાબદારી માતા–પિતા બન્નેની હોવાથી અમારી પુત્રીનાં ભરણપોષણ પેઠે સામાવાળા નં.૧ પાસેથી માસીક રૂ.૫૦,૦૦૦/–

ભરણપોષણ નીયમીત રીતે આ કાયદાની રુએ અરજી દાખલ થયા તારીખથી ચઢે ચઢાવ ચૂકવી આપવા હુકુમ તેમજ અરજદારને સામાવાળાઓએ આપેલ માનસીક, શારીરીક, તથા આર્થિક ત્રાસ બદલ વળતર અપાવવા તે અંગે કાયમી તથા વચગાળાનો એક્સ પાર્ટી હુકુમ આ કાયદાની રુએ હુકુમ કરવા મે. કરશોજી. આમ, ઉપરોક્ત તમામ સામાવાળાઓ એ અમો અરજદારને અમારા લગ્નજીવન દરમ્યાન ખુબજ શારીરીક, માનસીક તથા આર્થિક ત્રાસ આપી કાવત્રા કરીને અમોને ઘરમાંથી કાઢી મૂકી અમો અરજદાર વિરુધ્ધ ઘરેલું હિંસાનું ગુનાહિત કૃત્ય કરેલ હોઈ તેઓ વિરુધ્ધ કડક પગલા લેવા સારું હાલની ફરિયાદ અરજ આપ નામદાર સાહેબ સમક્ષ ગુજારીએ છીએ.

2. સામાવાળાના વિધ્વાન વકિલશ્રીએ અરજદારે કરેલ આક્ષેપોને નકારેલ છે અને આંક–૧૬ થી સામાવાળાએ લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે, અરજદારની અરજ ખરી નથી અને અમો સામાવાળાને કબુલ મંજુર નથી. અરજદારની અરજમાં શુધ્ધબુધ્ધીનો અભાવ હોઈ, તેથી પણ તે રદ્દ થવાને પાત્ર છે અને ખરી હકિકત જણાવે છે કે, હાલના અરજદાર જયારે ગર્ભવતી થયેલા અને તેની જાણ સામાવાળા અતે તેના કુંટુંબીજનોને થતા ઘરમાં તહેવાર જેવો ખુશીનો માહોલ થઈ ગયેલ હતો. અને સામાવાળાને કુટુંબમાં ત્રણ પેઢીઓ સુધી કોઈ જ દિકરી ન હોવાથી સામાવાળાના ઘરે દિકરી આવે તેવી તમામની પ્રબળ ઈચ્છા હતી. અરજદાર અને સામાવાળા બંને નોકરી કરતા હોવાથી દરરોજ બે લીટર દુધ, તાજા શાકભાજી, ફુટ લાવીને જીવન ગુજારતા. જેથી પુરતા પ્રમાણમાં પૌષ્ટીક આહાર નહી મળવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. અરજદારે એક પુત્રી નામે રીસીકા ને જન્મ આપેલ તેના જન્મ પહેલાથી જ સવાર સાંજની રસોઈ બનાવવા માટે એક બહેન રાખેલ તેમજ ઘરમાં

વાસણ કચરા પોતુ કરવા માટે પણ બહેન આવતા હતા. રીસીકાના જન્મ પછી તેને સાચવવા માટે સામાવાળાના પિતાશ્રી ગાંધીનગરથી વડોદરા આવેલ. સામાવાળાના પિતા ગાંધીનગર મુકામે બીજા અથવા ચોથા શની રવિ જતા અને સોમવારે પાછા આવી જતા હતા. અરજદાર રીસીકાના જન્મ પછી રજા લેવાના બદલે ટુંકી રજા લઈ જલ્દીથી જોબ ચાલુ કરી દીધેલ અને એકાદ મહીના સુધી જ રીસેસમાં આવી રીસીકાને સ્તનપાન કરાવતા હતા. સામાવાળાએ અરજદારને રજા લેવાની વાત કરતા તેઓએ ધસીને ના પાડી દીધેલ.સામાવાળા અરજદારને ઘર ખર્ચ માટે જયારે જરુર પડે ત્યારે રૂપીયા આપતા હતા અરજદારના સામાવાળા સાથે લગ્ન થયા તે વખતે અરજદારે પોતાના ભણતર માટે એજયુકેશન લોન લીધેલ હતી અને લગ્ન બાદ અરજદારનો જે પગાર આવતો હતો તેમાંથી તે એજયુકેશન લોનના હપ્તા ભરપાઈ કરતા હતા. હાલના અરજદાર ૨૦૧૨ એલ.એન્ડ ટી જેવી મોટી કંપનીમાં વડોદરા ખાતે પેટ્રોલીયમ એન્જીનીયર તરીકે નોકરી કરે છે. અરજદારે ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી એજયુકેશન લોનના ૨૫% જેટલી રકમ પણ ભરેલ ન હતી પરંતુ સને ૨૦૧૫ માં લગ્ન કર્યા પછી લગભગ બે વર્ષમાં સંપુર્ણ લોન તેમના પગારમાંથી તેમજ સામાવાળાના કુટુંબના સાથ સહકારથી ભરપાઈ કરેલ છે. અરજદાર સામાવાળાના માતાશ્રી માટે ફોન લાવેલ તે ફોનની રકમ કરતા પણ વધારે રકમ સામાવાળાની માતાએ ચુકવી આપેલ છે. સામાવાળાના માતા પિતાશ્રીએ વડોદરા મુકામે રાજસ્થંભ સોસાયટીમાં મકાન ખરીદ કરેલ છે અને તે મકાનની કિંમતના સો ટકા રૂપિયા સામાવાળાની માતા પિતાએ પોતાની આવકમાંથી ચુકવેલ છે. હાલના સામાવાળા તેઓના દિકરા હોવાથી સામાવાળાના નામે મકાન કરાવેલ છે. સને ૨૦૨૧ માં અરજદારે કરેલ વર્તનથી સામાવાળાના મનને આઘાત લાગેલ છે સામાવાળાએ અરજદાર પાસેથી કયારે ય ફોર વ્હીલરની માંગણી કરેલ નથી. કારણ કે સને ૨૦૧૦ થી ગાંધીનગર મુકામે એક ફોર

વ્હીલર છે. અરજદાર સને ૨૦૧૫ થી એપ્રીલ માસથી લગ્ન કરી સામાવાળાના ઘરે આવ્યા ત્યારથી અરજદારે સૌ પ્રથમ તેઓએ એજ્યુકેશન માટે લીધેલ લોન ભરપાઈ કરી ત્યારબાદ પોતાના નાણાંમાથી બચત કરી કિસાન વિકાસ પત્રો ખરીદ્યા. તેમજ અરજદાર દર માસિકે પોતાના પિતાશ્રીનું ગુજરાન ચલાવવા માટે નાણાં મોકલતા હતા અને તે માટે સામવાળાએ કયારે કોઈ વાંધો લીધેલ નથી. અરજદારે પોતે પોતાના પગારમાંથી બચત કરી તેમજ સામાવાળાએ પણ નાણાંકીય સહાય કરતા અરજદારે તેના નામે એક ફોર વ્હીલર ગાડી લઈ આવેલા. અરજદારને નોકરીમાં પેટ્રોલ એલાઉન્સ મળે છે. તેમજ અરજદાર મ્યુચ્યલ ફંડમાં તેમજ અન્ય જગ્યાએ પણ સેવીંગ કરે છે. અરજદારે પોતાની બેનને મકાન લેવા માટે પણ પૈસા આપેલા તેમજ સને ૨૦૧૯ થી આજદિન સુધી શીક્ષણનો તમામ ખર્ચ, કપડા, ફી વિગેરે સામાવાળાએ આપેલ છે. અરજદાર ખુબ જ ગુસ્સાવાળા સ્વભાવના અને ઝનુની સ્વભાવના છે વારંવાર ગુસ્સો કરી અંગ્રેજીમાં અપશબ્દો બોલે છે અને સામાવાળા માટે ખુબ જ વાહીયાત વર્ણન કરેલ છે. સામાવાળાએ વારંવાર અરજદારના મામા મામી, બેન બનેવી, તેમજ માતા પિતા અને અરજદારના અન્ય સગા સબંધીઓને વિનંતીઓ કરી વિવેક પુર્ણ વાત કરીને પોતાના ઘરે તેડી લાવવાના પ્રયાસ કરેલ છે. પરંતુ અરજદાર શું વિચારે છે, શું કરવા માંગે છે તેની ખબર પડતી નથી. સામાવાળાએ અરજદારના ઘરે જઈ તેના માતા પિતા સાથે વાતચીત કરવાનો પણ પ્રયાસ કરેલ છે પરંતુ તેઓ પણ મગનુ નામ મરી પાડવા તૈયાર નથી. કશુ જ બોલતા નથી. અને જણાવે છે કે અમારા હાથમાં કશુ નથી. અરજદારે જણાવેલ કે તેમનુ રૂા.૧૫,૦૦,૦૦૦/− નુ વાર્ષિક પેકેજ છે વડોદરામાં સામાવાળાની કોઈ સ્વતંત્ર મિલકત નથી પરંતુ સામાવાળાના માતા પિતાએ તેઓની આવકમાંથી ખરીદ કરેલ મકાન છે. હાલના અરજદાર તથા સામાવાળાએ સાવલીમાં આવેલ રેડ કોરલ માં

બંનેના સંયુક્ત નામે મિલકત આવેલી છે. તેની કિંમતના પણ તમામ નાણાં સામાવાળાના માતા પિતાએ ભરપાઈ કરેલ છે. જેના પુરાવા ચાલુ કામે સામાવાળા તરફે રજુ કરીશું. સામાવાળા એન્જીનીયર છે અને પોતાના પત્ની એટલે કે હાલના અરજદારને પુત્રીને અનન્ય પ્રેમ કરે છે. તેઓના પ્રેમમાં આજે પણ ઝુરી રહયા છે. સામવાળાા આજે પણ અરજદાર અને પોતાની પુત્રી રીસીકાને સાથે રાખવા માંગે છે અને સુખી કૌટુંબીક જીવન જીવવા માંગે છે. અરજદારે વગર કોઈ વાંકે હાલના સામવાળાનો ત્યાગ કરેલ છે અને પુત્રીને પિતાના પ્રેમ અને હુંફથી વંચીત રાખેલ છે. સાચી હકીકત એવી છે કે અરજદાર યેનકેન પ્રકારે સામાવાળાને છુટાછેડા આપી ઓસ્ટ્રેલીયા જવા માંગે છે. તેથી સામાવાળા દબાણને વશ થઈ અરજદારને છુટાછેડા આપી દે. માત્ર એવા આશયથી હાલનો કેસ કરેલ છે. ખરેખર તો અરજદારની આવક સામાવાળા કરતા ઘણી વધારે છે તેથી અરજીમાં જણાવ્યા મુજબની કોઈપણ દાદ માંગવાને અરજદાર હકકદાર નથી. અને ચોર કોટવાલને દંડે તેવી નીતી અપનાવી સામાવાળા પર દબાણ લાવી માત્ર છુટાછેડા મેળવવા માંગે છે પરંતુ સામાવાળા અરજદાર અને પુત્રીને ખુબ જ પ્રેમ કરતા હોવાથી કોઈપણ સંજોગોમાં છૂટાછેડા આપવા માંગતા નથી. અરજદારે પોતાના વકીલશ્રી મારફત તા ૦૬/૦૧/૨૦૨૨ ના રોજ સામાવાળાને નોટીસ આપેલ છે તેના વિષયમાં જ લખ્યુ છે કે, “છુટાછેડા / લગ્ન વિચ્છેદન માટે લીગલ નોટીસ" આ પરથી જ સ્પષ્ટ થાય છે કે અરજદાર માત્રને માત્ર છુટાછેડા લેવા માંગે છે એ તેના માટે આ બધુ તરકટ રચેલ છે. સામાવાળા તરફે અરજદારે આપેલ નોટીસના જવાબમાં સ્પષ્ટ જણાવેલ છે કે નોટીસનો જવાબ મળ્યા પછી એક મહીના સુધી અરજદાર છૂટાછેડા લેવાનો જે વિચાર છે તેના પર પુનઃ વિચાર કરી છુટાછેડા લેવાનો ઈરાદો બદલી પુત્રી રીસીકાનુ ભવિષ્ય વિચારી સામવાળાા સાથે લગ્ન જીવન ગુજારવા વિચાર કરશો. પરંતુ અરજદારની માત્ર ને માત્ર છુટાછેડા જ

જોઈએ છે તેથી ખોટા આક્ષેપો કરી હાલની ફરીયાદ તા.૧/૮/૨૩ ના રોજ કરેલ છે જે રદ થવાને પાત્ર છે. અમો સામાવાળા અરજદારને ઘરની લક્ષ્મી માનીએ છીએ તેના વિરુધ્ધમાં કાંઈ પણ કહેવા માંગતા નથી અને પુત્રી રીસીકાનો માતૃત્વ પ્રેમ છીનવાઈ ન જાય તે માટે આજદિન સુધી તમામ પ્રકારનો તેમની હરકતોને નજર અંદાજ કરી સ્વીકાર કરેલ છે.

3. આ કામના અરજદાર તથા સામાવાળાની રજૂઆતો તથા દસ્તાવેજી પુરાવા તથા એફીડેવીટ વંચાણે લેતા એ હકીકત નિર્વિવાદ છે કે, આ કામના અરજદાર અને સામાવાળા પતિ–પત્ની છે તથા અરજદાર હાલ મકાન ભાડા ઉપર લઈને વડોદરામાં બીજી જગ્યાએ રહે છે તથા તેમની દીકરી પણ અરજદાર સાથે રહે છે. આ કામે સામાવાળા તરફે અરજદારના ભરણપોષણ માટે કોઈ વ્યવસ્થા કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. સામાવાળા અરજદારના પતિ હોય અરજદારના ભરણપોષણ, લાલન–પાલનની જવાબદારી સામાવાળાની રહેલી છે. તે જવાબદારીમાંથી સામાવાળા છટકી શકે નહિ. જેથી સામાવાળા ભરણપોષણ આપવા જવાબદાર બને છે.

4. અરજદાર તથા સામાવાળા ધ્વારા તેઓની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**–:: <u>મૌખિક પુરાવો</u> ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર મનીષાબેન રેનીશકુમાર આનંદની જુબાની | ૧૯ |

**–:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | અરજદારે સામાવાળાને મોકલાવેલ લિગલ નોટીસ | ૨૨ |
| **૨** | ક્લોઝિંગ પુરસીસ | ૨૩ |

5. સામાવાળા દ્વારા તેઓની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**–:: <u>મૌખિક પુરાવો</u> ::–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | રેનીશકુમાર મહેશભાઈ આનંદની જુબાની | ૨૪ |
| ૨ | કલ્પેશ અરવિંદભાઈ પરમારની જુબાની | ૨૬ |

**–:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | ફરીયાદીએ સામાવાળાને મોકલાવેલ નોટીસના જવાબની ઓ/સી ની નકલ | ૩૧ |
| **૨** | ક્લોઝીંગ પુરશીશ | ૨૭ |

6. ત્યારબાદ સદર કામે અરજદારના વિ.વ.શ્રીએ આંક–૨૮ થી સામાવાળાના વિ.વ.શ્રીએ આંક–૨૯ થી લેખીત દલીલો રજુ કરેલ છે. જે રેકર્ડનો એક ભાગ હોય વંચાણે લેવામાં આવેલ છે.

7. સામાવાળા તરફે દલીલના સમર્થનમાં નીચે મુજબના સાઈટેશન રજુ કરવામાં આવેલ છે.

| S.NO | JUDGEMENT |
|---|---|
| 1 | 2019 (0) AIJEL-SC 64696 S L P (Cri) No. 2600/2016 Entitlement under D V act is only in case she estsblishes domestic violence, which she did nit. petition dismissed |
| 2 | 2017 (0) AIJEL-SC 60531 Cri. Appeal NO. 1265/2017 Misuse of S-498- tendency to rope in all family members to settle a matrimonial dispute |

8. ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

   ૧. શું અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે, તેણી સામાવાળાઓના કાર્ય, કૃત્ય, વર્તન, વ્યવહારથી કૌટુંબીક હીંસાખોરીનો ભોગ બનેલ છે ?

   ૨. શું અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે, તેણી આ કામનાસામાવાળાઓથી ઘરેલું હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો ૨૦૦૫ મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

   ૩. શું હુકમ ?

9. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

   ૧) અંશતઃ હકારમાં.

   ૨) અંશતઃ હકારમાં.

   ૩) આખરી હુકમ મુજબ.

10. ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

**મુદ્દા નંબર – ૧ તથા ૨** ::–

11. **<u>ઘરેલું કૌટુંબીક હીંસાખોરી શારિરીક કે માનસીક થી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાનો ઉદેશ ::–</u>**

આ કામે ઉભય પક્ષોએ રજુ કરેલ પુરાવાની ગુણદોષ ઉપર ચર્ચા કરતાં પહેલા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટને ઉદેશ અને પુરાવાના મુલ્યાંકન સંબંધી જોવામાં આવે તો ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટનો હેતુ આવકના પુરતા સાધનો હોવા છતાં આશ્રીત હોય તેવી પત્ની કે સગીર સંતાનોનું જે વ્યક્તિ ભરણપોષણ કરતી નથી તેને રક્ષણ આપવાનો સામાજીક ન્યાયી ઉદેશ છે જેથી કરીને તેવી વ્યક્તિ સમાજના કોઈ દુષણનો ભોગ ન બને અને ગુનો કરતી અટકે તેવી હકીકતો લક્ષમાં લેતાં ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ હેઠળની અરજીને અત્યંત ટેકનાલીટીથી ન જોતાં અને સાબીતીના બોજાને ચુસ્તપણે વળગી રહેતા પુરાવાનું લીબરલ અર્થઘટન કરી નિર્ણય કરવો જોઈએ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટનો હેતૂ ભરણપોષણ ના હુકમ ધ્વારા તેવી વ્યક્તિને સજા કરવાનો નથી. પરંતુ, તેવી વ્યકતિને માત્ર ફરજ પાલન કરવા માટેના આ પ્રંબધ કરવામાં આવેલ છે.

**<u>ઉપેક્ષા અગર ઈન્કાર ::–</u>**

ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ મુજબની હકીકતો પુરવાર કરવા માટે અરજદાર પક્ષે પ્રથમ દર્શનીય રીતે સામાવાળા કમાવાના પુરતા સાધનો ધરાવતા હોવા છતાં અરજદારની સામાવાળા દ્વારા ભરણપોષણ કરવાની ઉપેક્ષા કરેલ છે અથવા તો ઈન્કાર કરેલ છે તેવી હકીકત સાબીત કરવી જોઈએ. અલબત ઉપેક્ષા અથવા તો ઈન્કાર એ તમામ કેસમાં અલગ અલગ સંજોગો ઉપર આધારીત છે ઉપેક્ષા કે ઈન્કારના તત્વ ફલીત થાય તો જ

ભરણપોષણનો હુકમ કરી શકાય. ઉપેક્ષા તથા ઈન્કાર કરવામાં આવ્યો છે તે માટેનો પુરાવો આપી શકાય. ઉપેક્ષા તથા ઈન્કાર પ્રત્યક્ષપણે હોઈ શકે તથા ગર્ભીત રીતે પણ ફલીત થાય તે અંગેની નિશ્ચીત વ્યાખ્યા કે તેની નોંધ તૈયાર કરી શકાય નહી.

માત્ર બે વખતનું જમવાનું મળે અને રહેવા માટેનો આશ્રય મળે તે ભરણપોષણ માટે પુરતું નથી. પરંતુ માનવીને માનવ તરીકે મુલવવામાં આવે તે બાબત પણ અગત્યની છે. ગૃહનો અર્થ માત્ર ચાર દિવાલો વચ્ચે જીવાતું જીવન નથી. પરંતુ, ઉષ્મા, સ્નેહ, ઔદાર્ય પ્રેમ સહાનુભુતી, સહયોગ, સહકાર, ઉમંગ, અપેક્ષા, ઉત્સાહ, ઓજસ્વીતા, શ્રમ–નિષ્ઠા કયારેક સકારણ રોષથી યુકત ગૃહજીવનની અપેક્ષા સ્ત્રીને હોય છે ઉપરોકત ગુણની કમી કે અભાવના કારણે કોઈ પણ સ્ત્રી પતિગૃહ ત્યજી અલગ ન વસી શકે સિવાય કે સ્ત્રીની સ્વાભાવીક અપેક્ષા પતિને ત્યાં પરિપુર્ણ કરતી ન હોય અપમાનીત અને પીડીત કક્ષામાં રહયા છતાં જો સ્ત્રી જીવી ન શકે તેવું જણાય તો જ સ્ત્રી પોતાના પતિથી અલગ વસે છે.

12. હાલના કામે રજુ થયેલ તમામ પુરાવાઓ ધ્યાનમાં લેતાં પ્રથમ તબક્કે એવીડન્સ એકટ અન્વયેના સિધ્ધાંતો ધ્યાને લેતાં સાબિતીનો બોજો કોના પર કેટલો છે તે ધ્યાને લેવાનો છે. અરજદારનાઓએ પોતાના કેસના સમર્થનમાં **આંક–૧૯** થી પોતાનો સોંગદ પરનો પુરાવો રજુ કરેલ છે. સદરહું પુરાવામાં અરજદારે અરજીની હકીકતના સંદર્ભમાં સમર્થન આપતો પુરાવો રજુ કરી અને **આંક–૨૩** થી વધુ પુરાવો રજુ કરવો નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. જે તમામ ઉપરોકત હકીકતો ધ્યાનમાં લઈ અરજદારે ઘરેલું હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો ૨૦૦૫ મુજબ અરજીમાં માંગ્યા મુજબની દાદ આપવા અરજ કરેલ

છે. ત્યારબાદ સામાવાળાનાઓ તરફે **આંક–૨૪** થી સામાવાળા નં. ૧ ની તથા આંક–૨૬ થી સામાવાળા નં. ૨ની સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે. જેના સમર્થનમાં જરૂરી પુરાવાઓ રજુ કરી અને **આક –૨૭** થી વધુ પુરાવો રજુ કરવો નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

13. આ કામના અરજદારેનાઓએ આંક–૧૯ થી પોતાની સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે. જે વંચાણે લીધી અને તે અરજનુ પુનરાવર્તન હોય તેની વિશેષ ચર્ચા અત્રે કરવામાં આવતી નથી તથા સામાવાળા તરફે વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરતાં તેણીએ સ્વીકારેલ છે કે, મે બી.ટેક પેટ્રોલિયમ એન્જીનીયરીંગનો અભ્યાસ સને ૨૦૧૨માં પી.ડી.પી.યુ ગાંધીનગર માંથી કરેલ છે. એ વાત ખરી છે કે મારુ મુળ વતન વિસનગર–મહેસાણા છે. હુ કોલેજ દરમ્યાન (સને ૨૦૦૮ થી ૨૦૧૨) હોસ્ટેલમાં રહેતી હતી. મારી પહેલી નોકરી સને ૨૦૧૨ માં એલ.એન.ટી વડોદરા ખાતે ગ્રેજયુએટ એન્જીનીયર ટ્રેની તરીકે ચાલુ કરેલી. જેમાં ૧૧ મહીના ટ્રેનીંગના હતા અને ત્યારપછી નોકરી પાકી થઈ ગયેલી. મે એલ.એન.ટી કંપનીમાં ૧૦ વર્ષ નોકરી કરેલી. મારી એલ.એન.ટી માં છેલ્લી પગાર જુલાઈ–૨૨ની આશરે ૭૦,૦૦૦/– ઈનહેન્ડ હતી. ત્યારબાદ મારી નોકરી એલ્સ્ટ્રોમ ટ્રાન્સપોર્ટ બેંગ્લોરમાં ચાલુ થયેલી. સપ્ટેમ્બર–૨૨ માં હુ બેંગ્લોર ખાતે નોકરી કરવા માટે ગયેલી. હાલમાં હુ એલ્સ્ટ્રોમ ટ્રાન્સપોર્ટ વડોદરામાં નોકરી કરુ છુ જે માર્ચ–૨૩ માં ચાલુ કરેલી. મારા પિયરમાં મારા માતા–પિતા તથા બે ભાઈઓ તથા એક બેન છે. જેમાં હુ સૌથી નાની છુ. મારા પરીવારવાળા વિસનગર ખાતે રહે છે. વડોદરામાં હાલ હુ મારી

દિકરી સાથે એકલી જ અટલાદરા ખાતે રહુ છુ. મારી એપ્રિલ–૨૫ ની પગાર આશરે રૂા ૧,૩૫,૦૦૦/– ઈનહેન્ડ મળેલી. મારુ પી.એફ પણ કપાય છે. એ વાત ખરી છે કે મારા લગ્ન નકકી થયેલા તે વખતે હુ વડોદરા ખાતે હતી અને મારા પતિ રેનીશકુમાર પણ વડોદરામાં જ રહેતા હતા. મારા લગ્ન સમયે રેનીશના પિતાની નોકરી ગાંધીનગર ખાતે ડેપ્યુટેશન પર હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ વડોદરા આવતા જતા હતા. એ વાત ખરી છે કે રેનીશની માતા પણ ગાંધીનગર ખાતે નોકરી કરતી હતી અને તેઓ ગાંધીનગર ખાતે તેઓના મકાનમાં રહેતા હતા તથા રેનીશના મોટાભાઈ પણ ગાંધીનગર ખાતે રહેતા હતા. અમારા બન્નેના લગ્ન ગોં વિદભાઈ કરીને માણસ છે તે મારા દુરના કુટુંબી થાય છે તથા રેનીશના પિતાના મિત્ર થાય છે જેના થકી લગ્ન નકકી કરેલા. એ વાત ખરી છે કે અમારી સગાઈથી પહેલા મારી મોટા ભાભી મરણ પામેલા. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ઘરમાં કોઈનુ મરણ થયેલ હોય તો લગ્ન સાદગીથી કરવામાં આવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારા લગ્ન વખતે મારા પતિના પરીવારના સભ્યો દબાણ કરતા હતા કે બન્ને વડોદરામાં રહે છે તો લગ્ન કરી દેવુ જોઈએ અને જયારે લગ્ન સાદગીથી કરવાની વાત મુકેલી ત્યારે તેઓએ ના પાડી કહેતા હતા કે લગ્નની અમુક વસ્તુઓ તથા રીવાજ પુરુ પાડવુ જ પડશે. એ વાત ખરી નથી કે મારા ઘરના સભ્યો ઝડપથી લગ્ન કરવા માટે દબાણ કરતા હતા. એ વાત ખરી નથી કે અમોએ કોઈ ગોર મહારાજને પુછીને જણાવેલ હતુ કે આ મુહર્ત સિવાય બીજુ કોઈ સારૂ મુહર્ત નથી. સામાન્ય રીતે લગ્ન પહેલા કોઈ ઈસમનો

વ્યવહાર સામાવાળાને એવો જણાઈ આવે કે તે વ્યકિત માનસિકત્રાસ આપે છે તો તે વ્યકિત સાથે લગ્ન કરી શકાય નહીએ વાત ખરી છે કે અમારુ લગ્ન વિસનગર ખાતે થયેલ અને લગ્ન પછી અમે તે જ દિવસે સાંજે ગાંધીનગર ખાતે આવેલ. એ વાત ખરી છે કે લગ્ન વખતે બન્ને પરીવારના ઘણાબધા સભ્યો હાજર હતા. એ વાત ખરી છે કે જયારે લગ્ન પછી અમે ગાં ધીનગર પહોચેલા ત્યારે મારા પતિના સગાવાળા ત્યાં હાજર હતા તથા ત્યાં લગ્નપછીની વિધીઓ ચાલતી હતી. એ વાત ખરી છે કે અમે એક અઠવાડીયા પછી હનીમુન માટે શિમલા ફરવા માટે ગયેલા. એ વાત ખરી નથી કે મારા સરતપાસના સોગંદનામાના પેરા નં ર માં જણાવેલ હકીકત '' બીજા દિવસથી.... ચાલુ કરી દીધેલ'' તેવી હકીકત ખોટી છે. એ વાત ખરી નથી કે ''ફટીચર રીતે લગ્ન કરી આપેલ છે '' તેવા શબ્દો કોઈએ મોઢામાંથી કાઢેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મે મારા સરતપાસના સોગં દનામામાં એવી હકીકત લખાવેલ છે કે '' તેમના બોલવાના ટોન ઉપરથી એવુ ફલિત થતુ હતુ કે તેઓને અમારા અરજદારના ઘરના એક ફટીચર રીતે લગ્ન કરી આપેલ છે તેવુ લાગતુ હતુ.'' એ વાત ખરી છે કે હુ સામાવાળા નં ૧ સાથે વડોદરા ખાતે રાજસ્થંભ સોસાયટી ખાતે રહેતી હતી તે મોટી સોસાયટી હતી અને ત્યાં રો–હાઉસવાળા મકાનો પણ આવેલા છે જેમાં અમે રહેતા હતા. એ વાત ખરી છે કે તે ઘરમાં ગ્રાઉન્ડ પ્લસ ફર્સ્ટ ફલોર હતો. કલમ ૧૯ મુજબની માંગણી કરેલ છે, તેમાં ઉપરોકત જણાવેલ મિલકતમાં સામાવાળા નં ૧ આજે પણ તમને એક માળે સ્વતંત્ર રીતે રહેવા આપવા તૈયાર છે તમે ત્યાં રહેવા માટે તૈયાર નથી. એ વાત ખરી છે કે લગ્ન

પછી આશરે ૨૦ દિવસ પછી મે નોકરી પાછી ચાલુ કરેલી. સવારે ૮ વાગે કામ માટે નીકળતી હતી અને સાંજના ૬ થી ૬:૩૦ સુધી પાછી આવતી હતી. એ વાત ખરી છે કે મારા પતિ મારા નીકળ્યાના અડધા કલાક પછી નીકળતા હતા અને તે જ રીતે સાંજે અડધો કલાક લેટ આવતા હતા. એ વાત ખરી છે કે મારી અને રેનીશના સેકન્ડ અને ફોર્થ શનિવાર તથા રવિવારના  દિવસે રજા રહેતી હતી ત્યારે અમે લોકો માતા–પિતાને મળવા ગાંધીનગર ખાતે જતા હતા.  એ વાત ખરી નથી કે મારી પ્રેગ્નન્સી દરમ્યાન રેનીશની માતા મારી દેખભાળ કરવા માટે રજા લઈને વડોદરા આવેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે બન્ને શરૂઆતના ચાર પાંચ મહીના ગાંધીનગર જતા હતા કેમ કે રેનીશની ભાભી પણ પ્રેગનન્ટ હતા. એ વાત ખરી છે કે સામાન્ય રીતે અમારા સમાજમાં લગ્ન પછીની પ્રથમ ડીલીવરી પિયરમાં થતી હોય છે. એ વાત ખરી છે કે મારા પ્રેગનન્સી દરમ્યાનની સારવાર વડોદરા ખાતે ભાયલાલ અમીન હોસ્પિટલમાં ચાલતી હતી. એ વાત ખરી છે કે પ્રેગનન્સી છઠા મહીનાથી ઘરમાં રસોઈ કરવા માટે એક બહેનને રાખેલા હતા, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બહુ ઝઘડા કર્યા પછી રાખેલા હતા. એ વાત ખરી છે કે ઉપરોકત જણાવેલ ઝઘડાની હકીકત મે મારા નોટીસ, સરતપાસ, ફરીયાદ કે ડાઈવોર્સ પીટીશનમાં જણાવેલ નથી. તમે લગ્નથી પહેલા જે મોબાઈલ નંબર ઉપયોગ કરતા હતા તે જ નંબર લગ્નપછી પણ આશરે ૪ થી ૬ મહીના સુધી તે જ નંબર ઉપયોગ કરતી હતી અને ત્યારબાદ મારા પતિએ નંબર બદલાવી દીધેલ. એ વાત ખરી છે કે

મારી નોકરીના કાર્યક્ષેત્રમાં ઓફીસમાં રહીને કામ કરવાનુ થતુ હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૮૦ ટકા કામ ઓફીસમાં રહીને મોનીટર પર કરવુ પડે અને બાકીનુ કામ ફોન પર કરવુ પડે. લગ્ન પહેલાનો મોબાઈલ નંબર હતો તેમાં તમારા જુના મિત્રો, જુના કલીગો, તથા તમારા ઘરના સભ્યો, આડોશી પડોશી બધાનો મોબાઈલ નંબર હતો ફોનમાં હતા કે સીમમાં હતા તે મને ખ્યાલ નથી પરંતુ બધાના નંબર હતા. એ વાત ખરી નથી કે મારા સોગંદનામાના પેરા નં ૫ માં જે હકીકત લખાવેલ છે કે '' પ્રેગનન્ટ થતા ....અમો અરજદારને શારીરીકત્રાસ પણ ગુજારતા હતા'' આ તમામ હકીકતો મે ખોટી જણાવેલ છે. એ વાત ખરી નથી કે મારા સોગં દનામાના પેરા નં ૫ માં જણાવેલ હકીકત '' સામાવાળા નં ૧ ને રીકવેટ કરતા .... ખાવા પીવાની બાબતોમાં ત્રાસ આપતા'' આ તમામ હકીકત મે ખોટી જણાવેલ છે. એ વાત ખરી નથી કે મારા સોગંદનામાના પેરા નં ૫ માં જણાવેલ હકીકત '' અમો અરજદાર પુત્રની જગ્યાએ પુત્રને જન્મ આપીમોટો ગુનો કરેલ હોય તેમ એક ગુનેગારની જેમ શારીરીક, માનસિક તેમજ આર્થિક ત્રાસ આપતા આવેલા છે'' આ તમામ હકીકત મે ખોટી જણાવેલ છે.એ વાત ખરી નથી કે મારા સોગંદનામાના પેરા નં ૬ માં જણાવેલ હકીકત '' સામાવાળા નં ૧ એ કયારેય અમારુ તથા અમારી પુત્રીની ભરણપોષણતારે રહેવુ હોય તો મારે હીસાબે રહેવુ પડશે નહી તો મારે તારી કોઈ જ જરૂરત નથી'' આ તમામ હકીકત ખોટી જણાવેલ છે. એ વાત ખરી છે કે કોઈ વ્યકિતને ઠસડવામાં આવે તો નાની મોટી ઈજા શરીર પર થાય. એ વાત ખરી છે કે મને શરીર પર નાની મોટી ઈજા બાબતે મે

સારવાર લીધેલી છે. તમે ઉપરોકત જણાવેલ સારવાર નાની મોટી ઈજા બાબતે ઘરે જ ઈલાજ કરેલ છે. એ વાત ખરી છે કે પેરા નં ૬ માં જણાવેલ જાન્યુ–૨૧ વાળા બનાવમાં મે કોઈ ડોકટર પાસેથી સારવાર લીધેલી નથી. ઉપરોકત જણાવેલ બનાવમાં તમોને કોઈ ઈજા થયેલી નથી એટલે તમે કોઈ સારવાર લીધેલી ન હતી તે દિવસે ઘરની પરીસ્થીતી બહુ જ ખરાબ હતી મારા પતિએ ઘરમાં ફોન અને વાસણો પછાડી રહયા હતા અને મારી પુત્રી ખુબ જ ગભરાઈ ગઈ હતી એટલે મને એ પરીસ્થિતીમાં યાદ જ નથી કે મને કોઈ ઈજા થઈ હતી કે કેમ. એ વાત ખરી છે કે ઉપરોકત જણાવેલ હકીકત સરતપાસ કે નોટીસમાં જણાવેલ નથી. મે સામાવાળાને સૌપ્રથમ જે નોટીસ આપેલી તે કયા વકીલશ્રી માફરતે તથા કઈ તારીખે આપેલી તે મને યાદ નથી. મે નોટીસ વાંચીને સહી કરેલી. એ વાત ખરી છે કે મારા સરતપાસના સોગંદનામામાં જણાવેલ શબ્દો '' ઘસેડી ઘસેડી'' તેવા શબ્દોનો ઉલ્લેખ મારા નોટીસમાં નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવનો ઉલ્લેખ છે ચોકકસ શબ્દોનો ઉલ્લેખ નથી. જાન્યુ – ૨૧ માં જયારે તમે ગયા ત્યારે પાછા વડોદરા ૪, ૫ દિવસ પછી આવેલા. એકલા પાછા આવેલા કેમ કે મારી દિકરી નાની હતી અને મારી પાસે કોઈ રહેઠાણુનુ ઠેકાણુ ન હતુ. આ તબકકે સામાવાળા વકીલ તરફે વાંધો લેવામાં આવેલ છે કે સાહેદને જે પ્રશ્નો પુછવામાં આવે છે તે પ્રશ્નોનો જવાબ હા કે ના માં હોઈ શકે તેવા પ્ર શ્નો છે છતાં પણ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કાયદામાં ગ્રાહય રાખી શકાય નહી. એ વાત ખરી નથી કે મારા સોગંદનામાના પેરા નં ૬ માં

જણાવેલ હકીકત '' જેથી અમો અરજદાર થોડા સમય અમારી બહેનના ઘરે રહેલા અમોને તેની ચિંતા હોય સામાવાળાના ગુસ્સે સ્વભાવનો તેણીને ભોગ ના બનવુ પડે સદર ફરીયાદ દાખલ કરેલ છે'' આ તમામ હકીકત ખોટી જણાવેલ છે. એ વાત ખરી છે કે મે મારી નોટીસમાં એવી હકીકત લખાવેલ નથી કે ''જેથી અમો અરજદાર થોડો વખત મારા બહેનના ઘરે રહેલા પરંતુ અમારી બહેનને પણ અમારા સાસરીયાઓ તથા અમારા પતિ એટલે કે સામાવાળા નં ૧ ના ગુસ્સાની જાણ હોવાથી તે પણ ખુબજ ડરી ગયેલા હોય તથા અમારી નોકરી વડોદરા મુકામે હોય અમો વડોદરામાં ભાડાના મકાનમાં રહીએ છીએ અને અમારા પતિ સાસરીયાઓ ગુસ્સે સ્વભાવના હોય અમો હાલ પણ ડરીને ડરીને રહેતા આવેલ છે અમો એક બાળકીની માતા હોય અમોને તેની ચિંતા હોય સામાવાળા ના ગુસ્સે સ્વભાવનુ ભોગ બનવુ ના પડે.''એ વાત ખરી નથી કે મે નોટીસ છુટાછેડા મેળવવાના કારણસર આપેલી. નોટીસ એ માટે આપેલ હતી કે માણસમાં કઈ બદલાવ આવ્યો હોય અને અલગ રહયા પછી તેના શક દુર થયા હોય તો પુત્રી માટે થઈને ઘર બચી શકે.આ નોટીસ કોર્ટમાં રજુ કરી હશે ૪ વર્ષ વિતી ગયા છે તો હાલ મને યાદ નથી.મને માર્ક ૪/૫ વાળી નોટીસ જે મે સામાવાળા નં ૧ ને આપેલ તે બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, તેના વિષયમાં લગ્નના છુટાછેડા/લગ્ન વિચ્છેદન માટે લિગલ નોટીસ તેમ લખેલુ છે. જે માર્ક ૪/૫ ને પાંકો આંક આપવામાં આવે છે. એ વાત ખરી છે કે જાન્યુ–૨૧ માં પિયરમાં ગઈ ત્યારબાદ નોટીસ તા. ૬/૧/૨૨ ના રોજ વકીલ મારફતે આપેલી. એ વાત

ખરી નથી કે હુ મારા બહેનના ઘરે ગઈ અને જે તારીખે નોટીસ પર સહી કરેલી તે દિવસ સુધી હુ મારા બહેનના ઘરે હતી. એ વાત ખરી નથી કે સામાવાળા નં ૧ રેનીસે મને તેડી જવા માટે ઘણાબધા પ્રયત્નો કરેલા. એ વાત ખરી નથી કે જયારે હુ અમદાવાદ હતી ત્યારે પણ મને તેડી જવા માટે પ્રયાસ કરેલો. એ વાત ખરી છે કે મારા આંક  વાળા નોટીસના પેરા નં ૯ માં એવી હકીકત જણાવેલ છે કે '' અમારા અસીલના માતા પિતાએ તમારો આ દુવ્યવહાર ઘણી વખત જોયેલ હોય તથા તમો દ્રારા અમારા અસીલને તેડવાનો પ્રયત્ન કરવામાં આવેલ ન હોય અમારા અસીલ રેશીકા (રીશીકા) સાથે તેઓની બહેનને ત્યાં રહી ઓશીયાળુ જીવન જીવતા આવેલ છે.'' એ વાત ખરી છે કે મારી બહેનનુ ઘર વડોદરા ખાતે નથી. એ વાત ખરી છે કે નોટીસમાં મારુ સરનામુ જણાવેલ નથી. કાર જેનો નંબર જીજે ૦૬ એલ.ઈ. ૭૧૨૫ છે જે કાર હાલ મારી પાસે છે. તમે જયારે બેંગ્લોર નોકરી કરવા માટે ગયેલા ત્યારે ઉપરોકત જણાવેલ કાર લઈને ગયેલા  હા, પરંતુ જયારે ૨૦૨૧ માં અલગ થયા હતા ત્યારે આ કાર રેનીશ પાસે હતી અને દિકરી મારા પાસે હોવાથી બહુવાર પ્રયત્ન કર્યા પછી કાર મારા પતિએ મને પરત આપેલી. એ વાત ખરી છે કે લગ્ન પહેલાથી મારુ બેન્કમાં એકાઉન્ટ છે. એ વાત ખરી છે કે લગ્ન પછી પણ મારુ જે એકાઉન્ટ હતુ તે ઈન્ડીપેન્ડટ હતુ તે રેનીશ સાથે જોઈન્ટ ન હતુ. એ વાત ખરી છે કે લગ્ન પહેલા મે એજયુકેશન લોન લીધેલ હતી. એ વાત ખરી છે કે લગ્ન પછી પણ મારી એજયુકેશન લોનની ઈ.એમ.આઈ જતી હતી. એ વાત ખરી નથી કે લગ્ન પહેલાથી મારી વિદેશ રહેવાની ઈચ્છા હતી. એ વાત ખરી નથી

કે ઓસ્ટ્રેલિયાનુ મારુ પી.આર. થઈ ગયેલુ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે એપ્લીકેશન પણ વીડ્રો કરી લીધેલી.સામાવાળા નં ૧ રેનીશ તેમને પોતાની યોગ્યતાના આધારે ઓસ્ટ્રેલિયાનુ પી.આર. મેળવી શકે છે નહી. એ વાતની તમને જાણ છે કે વડોદરામાં ઘણી બધી જગ્યાએ પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીઓ આવેલી છે અને ઘણી બધી મહીલાઓ માટેની સંસ્થાઓ પણ આવેલી છે પોલીસ સ્ટેશનની મને ખબર છે પરંતુ કોઈ મહીલા સંસ્થાની માહીતી મને નથી. એ વાત ખરી છે કે આજદીન સુધી મે સામાવાળાઓ વિરુધ્ધ પોલીસ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી નથી કે જાન્યુ–૨૧ માં બનેલ બનાવની હકીકત મે મારા સોગં દનામામાં જણાવેલ છે તે હકીકત છે તે ખોટી હકીકત છે. એ વાત ખરી છે કે જયારે જાન્યુ–૨૧ માં હુ મારી બહેનના ઘરે ગયેલી તેના થોડા દિવસો પછી રેનીશ ત્યાં આવેલા હતા પરંતુ તે વખતે હુ ત્યાં હાજર ન હતી. એ વાત ખરી નથી કે હુ તે દિવસે ત્યાં હાજર હતી અને રેનીશ સાથે જવાની ના પાડેલી તથા તેમને જણાવેલ કે તમારે રીશીકાને લઈને જવાનુ હોય તો તમે જઈ શકો છો જેથી તેઓ રીશીકાને લઈને ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે દિવસે હુ બરોડા ખાતે નોકરી પર હતી અને રેનીશ મારી બહેનના ઘરે જઈને તેમના પરીવાર સાથે ઝઘડો કરીને રીશીકાને તેમની સાથે લઈ ગયેલા. એ વાત ખરી છે કે ઉપરોકત હકીકત હુ આજરોજ નામદાર કોર્ટમાં પ્રથમ વખત જણાવુ છુ. મારા એક મામા છે જેનુ નામ નરેન્દ્રભાઈ છે જે અમદાવાદ ખાતે રહે છે. એ વાતની મને જાણ નથી કે જાન્યુ–૨૧ પછી બે–એક અઠવાડીયા પછી

મારી સાસુ–સસરા અને મારા બનેવી ગોંવિદભાઈ મારા મામાના ઘરે ગયેલ હતા અને ત્યાં મારા માતા પિતા પણ હાજર હતા કે કેમ. એ વાત ખરી નથી કે ત્યાં મારા માતા પિતાએ મારી સાસુ–સસરાને જણાવેલ કે અમો મનિષાને સમજાવીને મોકલી આપીશુ. એ વાત ખરી નથી કે એપ્રિલ–મે–૨૧ માં રેનીશ મારા માતા પિતાના ઘરે વિસનગર ખાતે આવેલા અને હુ ત્યાં હાજર હતી. દિવાળી–૨૧ ના સમયે રેનીશ તમારા માતા પિતાના ઘરે વિસનગર આવેલા અને તમે ત્યાં હાજર હતા કોઈ એક દિવાળી હતી પરંતુ સને ૨૦૨૧ ની દિવાળી ન હતી. દિવાળી પછી તમે અને રેનીશ સાથે વડોદરા ખાતે આવેલા એ દિવાળીએ રેનીશ મારા માતા પિતાના ઘરે આવેલા અને તે રજા પતવાનો લાસ્ટ ડે હતો અને ડીસ્કશનમાં બહુ મોડુ થઈ ગયુ હતુ અને મારી દિકરી બહુ નાની હતી એટલે રેનીશે તેમની સાથે બરોડા ખાતે આવવાની વાત કરેલી હતી જેથી અમોએ સાથે કારમાં આવેલા અને રસ્તામાં મારી સાથે ખુબ ઝઘડા કરેલા હતા અને ગાડીની સ્પીડ બહુ જ વધારે રાખીને ડરાવવાની કોશીશ કરી રહયા હતા. એ વાત ખરી નથી કે ઉપરોકત જણાવેલ કારમાં ઝઘડાની હકીકત હુ ખોટી જણાવુ છુ. ગાડીમાં ઝઘડો થતા હુ રસ્તામાં વડોદરા સીટીમાં એન્ટર થતા સમા ખાતે ઉતરી ગયેલી. દિકરી મારી સાથે હતી. એ વાત ખરી નથી કે જાન્યુ–૨૧ થી જાન્યુ–૨૨ સુધી મોટાભાગે રીશીકા રેનીશ સાથે રહેતી હતી. હુ બેંગ્લોરથી માર્ચ–૨૩ માં પાછી આવેલી અને ત્યારબાદ અટલાદરા મુકામે ભાડે મકાન રાખવામાં આવેલુ. એ વાત ખરી નથી કે અટલાદરા વાળા મકાનમાં મારી અને રેનીશની સમંતિથી રેનીશ રજાના આખા દિવસ તથા ચાલુ દિવસમાં

નોકરી પછી મારી સાથે રહેવા માટે ત્યાં આવતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રેનીશ જબરજસ્તી રીશીકાને મળવાના બહાને ઘરે આવતા જતા હતા. એ વાત ખરી છે કે મે રેનીશ જબરજસ્તી મારા ઘરે આવતો હતો તે બાબતે પો.સ્ટે. માં કે મહીલાઓને સંરક્ષણ કરતી સંસ્થામાં અરજી કે ફરીયાદ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સમાધાનનો પ્રયાસો અમારા વચ્ચે ચાલુ હતા એટલે તે વખતે કોઈ ફરીયાદ કરેલી નહી. એ વાત ખરી છે કે જાન્યુ–૨૧ પછી બન્ને પરીવારો વચ્ચે સમાધાન કરાવવામા માટે સામાજીક રીતે એક મીટીંગ ગોઠવવામાં આવેલ હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારા તરફે મીટીંગ રાખવામાં આવેલી પરંતુ સામાવાળા આવેલા નહી. એ વાત ખરી છે કે સદરહુ જાહેર બગીચામાં રાખવામાં આવેલ હતી. એ વાત ખરી છે કે આ બગીચાવાળી મીટીંગ કેન્સલ થયા પછી રેનીશ મારા મામાના ઘરે એકલા આવેલા અને જયાં મારા મામા–મામી, બેન–બનેવી હાજર હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ત્યાં આવીને પણ સમાધાન માટે વાતચીત કરેલી નહી મારી ઉપર ખોટા આક્ષેપો લગાવતા હતા. એ વાત ખરી નથી કે રેનીશે ત્યાં આવીને કોઈ ખોટા આક્ષેપ કરેલ ન હતા પરંતુ રેનીશે એવુ કહેલ કે જે શરતો મંજુર હોય તે શરતે હુ લઈ જવા તૈયાર છુ તેમ છતાં તે વખતે મે એવુ કહ્યુ કે મને પચાસ લાખ આપીને છુટાછેડા આપી દો. એ વાત ખરી નથી કે સામાવાળા નં ૧ વિરુધ્ધ મે જે શકી સ્વભાવના હોવાનુ આક્ષેપ કરેલ છે તે તદન ખોટા છે. આજરોજ સુધી રીશીકાની સ્કુલની ફી રેનીશે ભરેલ છે પ્લે સ્કુલથી જયાં સુધી કોર્ટ કેસ ચાલુ નથી કર્યા ત્યાં સુધી

હુ ભરતી હતી અને કોર્ટ કેસ ચાલુ થયા પછી રેનીશે ભરવાની ચાલુ કરેલી. આજરોજ રેનીશ તમોને લઈ જવા તૈયાર છે તો તમે તેમની સાથે ઘરસંસાર વસાવવા માટે તૈયાર નથી. મારી દિકરી રેનીશથી ડરેલી છે અને જવા તૈયાર નથી જેથી અમે બન્ને ત્યાં રહેવા તૈયાર નથી. એ વાત ખરી નથી કે મારા સોગંદનામા હાલના કામે ખોટા રજુ કરેલા છે. એ વાત ખરી છે કે મારા સોગંદનામામાં એવી હકીકત જણાવેલ છે કે હુ મારી દિકરી રીશીકાને રેનીશને આપવા તૈયાર છુ. એ વાત ખરી નથી કે રેનીશે દિકરીના ભરણપોષણ પેટે કોઈ રકમ અમોને ચુકવેલ છે. એ વાત ખરી નથી કે રેનીશે મને લગ્ન દરમ્યાન કોઈ શારીરીક માનસિક ત્રાસ આપેલી નથી અને ઘરમાં થી કાઢી મુકેલ નથી. એ વાત ખરી નથી કે હુ રેનીશથી મારા અંગત કારણોસર છુટાછેડા લેવા ઈચ્છુ છુ જેથી હાલની ખોટી ફરીયાદ ઉભી કરી ખોટા આક્ષેપો કરેલા છે જેના સમર્થનમાં નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ.

14. આ કામના સામાવાળા નં.૧ આંક–૨૪ થી પોતાની સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે. જે વંચાણે લીધી અને તે જવાબની હકીકતોનુ પુનરાવર્તન હોય તેની વિશેષ ચર્ચા અત્રે કરવામાં આવતી નથી તથા અરજદાર તરફે તેઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરતાં સામાવાળાએ સ્વીકારેલ છે કે, મારા લગ્ન વખતે મારી ઉમર ૨૯ વર્ષની હતી અને મારી પત્ની મનીષાની ઉંમર ૨૫ વર્ષ હતી. એ વાત ખરી છે કે અમે બે ભાઈઓ છીએ અમારી કોઈ સગીબહેન નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કઝીન

બહેન છે. એ વાત ખરી નથી કે મારા લગ્ન માટે મારી માતાએ બાધા રાખેલી. તમે જયાં પણ લગ્ન માટે જતા હતા ત્યા તમારુ ગોઠવાતુ ન હતુ હુ તૈયાર ન હોવાના કારણે ના પાડતો હતો. મનીષા લગ્ન થયાથી પહેલા ગાંધીનગર રહેવાસી હેતલ પરમાર સાથે સગાઈ નકકી થયેલી.સગાઈ નકકી થયેલી પરંતુ સગાઈ થઈ ન હતી.  એ વાત ખરી નથી કે જયારે સગાઈ નકકી થયેલી તે વખતે હેતલબેન અને હુ એકબીજાના ઘરે આવ–જા કરતા હતા અને બહાર પણ મળવાનુ થતુ હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એક વખત બહાર મળેલા. કયા કારણોસર હેતલ સાથે તમારુ સગાઈ થયેલ ન હતી.મારી ઈચ્છા ન હતી, માત્ર મારા માતા–પિતાની ઈચ્છા હતી.એ વાત ખરી છે કે મારા મોટાભાઈના એકવખત છુટાછેડા થયેલા છે. એ વાત ખરી છે કે હાલમાં મારા મોટાભાઈના બીજા લગ્ન થયેલા છે જેનાથી એક છોકરી છે. એ વાત ખરી છે કે તેમના લગ્ન વખતે મારા ભાભી વલસાડ કોર્ટમાં નોકરી કરતા હતા અને ત્યાં જ રહેતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાલ તેમની ટ્રાન્સફર થઈ ગયેલી છે. હાલ મારા ભાભીની અમદાવાદ ટ્રાન્સફર થયેલી છે. એ વાત ખરી છે કે જે વખતે મારા ભાભી વલસાડમાં રહેતા હતા તે વખતે મારા મોટાભાઈ મારા માતા પિતા સાથે ગાંધીનગર મુકામે રહેતા હતા. એ વાત ખરી છે કે મારી ભાભીની ટ્રાન્સફર ગાંધીનગર મુકામે કયારેય પણ થયેલ નથી. એ વાત ખરી છે કે જયારે હુ ૨૩–૨૪ વર્ષનો હતો ત્યારે મને મારા ઘરથી લગ્ન માટે ઉતાવળ કરવામાં આવતી હતી.  મારી કોલેજમાં ફીમેલ મિત્ર તથા ઓફીસમાં ફીમેલ–કલીગ છે. મે મારો મોબાઈલ નંબર કયારેય પણ ચેન્જ કરેલો

નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વચ્ચે એક બીજો નંબર લીધેલ અને જે હાલ બંધ છે. એ વાત ખરી છે કે મારા અને મનીષાના લગ્ન પછી મનીષાના લગ્ન પહેલાવાળા નંબર ચાલુ હતા.મનીષાબેનનો નંબર કયારે ચેન્જ થયેલો ચોકકસ યાદ નથી. એ વાત ખરી છે કે મનીષા હાલ પણ ચેન્જ થયેલો નંબર વાપરે છે. મનીષાનો નંબર ચેન્જ કરવાની જરૂર કેમ પડેલીહુ બધાની સામે જણાવવા માંગતો નથી.આ તબકકે કેસના સંજોગો ધ્યાને લેતા કોર્ટ ખાલી કરાવવામાં આવે છે અને ઈન–કેમેરા જુબાની લેવામાં આવે છે. સાહેદ હવે જવાબ જણાવે છે કે, મનીષાના ફોન પર તેના ફ્રેન્ડના મેસેજ આવતા હતા કે '' તારા પાછળ તારો પતિ ઉભો છે એટલે તુ મારી જોડે વાત કરતી નથી.'' તથા તેના લેપટોપમાં જુની ચેટો હતી જેની એક વર્ડ ફાઈલ હતી જેમાં ઘણાબધા મેસેજીસ હતા જેમાંથી મે બે ચાર મેસેજ જોયેલા. જેથી મનીષાએ પોતે તેમનો મોબાઈલ ચેન્જ કરી દીધેલો. એ વાત ખરી નથી કે મારી દિકરીના પહેલા જન્મદીવસ પર મારા ૧૦૦ થી ૧૫૦ ફ્રે ન્ડસ આવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આશરે વીસેક જેટલા ફ્રેન્ડસ આવેલા. એ વાત હાલ મને યાદ નથી કે મનીષા તરફથી માત્ર તેમના માતા–પિતા આવેલા હતા કે કેમ. એ વાત ખરી નથી કે મે મનીષાને પ્રસં ગમાં કોઈ પણ તમારુ મિત્ર આવવુ જ નહી જોઈએ. હુ વોટસઅપ તથા ફેસબુક યુઝ કરુ છુ અને ઈન્સ્ટાગ્રામ યુઝ કરતો નથી. તમે ફેસબુક દરેક દિવસે વાપરો છો.દરેક દીવસે નથી યુઝ કરતો એક–બે દિવસે યુઝ કરુ છુ. ટી.વી.માં જે સીરીયલ (બીગબોસ) આવે છે તે જોવા માટે મનીષાને ના પાડતા હતા મે ના નથી પાડેલી, માત્ર બીજા જોવા માટે કહેલ.એ વાત ખરી

નથી કે બીગબોસ સીરીયલ ગમતુ ન હતુ.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બધાની પોતાની પસંદ હોય.એ વાત ખરી નથી કે જયારે હુ અને મનીષા ગાંધીનગર જવા માટે બસ સ્ટેન્ડ પર ઉભા હતા એક એલ.ટી. કંપનીના કલીગ સામે મળતા સ્માઈલ આપતા મે જણાવેલ કે આની સાથે તારુ લફ્ડુ છે. એ વાત ખરી નથી કે હુ મનીષાનો ફોન દરરોજ ચેક કરતો હતો. એ વાત ખરી નથી કે તમને તમારી વાઈફ પર શંકા હતી તેમને એફ.બી વાપરે તે ગમતુ ન હતુ તેથી તમે મનીષાબેનનો નં બર બદલાવેલો. એ વાત ખરી છે કે મને રાત્રે ઘરમાં એકલા રહેવાનુ ફાવતુ નથી. જયારે તમારે રાત્રે એકલા રોકાવાનુ હોય ત્યારે તમે તમારા મિત્ર દક્ષેશને બોલાવતો હતો મારા મિત્ર દક્ષેશ કે મારા કઝીનને બોલાવતો હતો અને વધુમાં મારા મામાને ઘરે જે મારા ઘરની નજીકમાં છે ત્યાં હુ જતો હતો. એ વાત ખરી છે કે લગ્નથી પહેલા મારા મામા–મામી મારી સાથે મારા ઘરે એક–દોઢેક વર્ષ સુધી રહેતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા મિત્ર દક્ષેશ પણ આવતા જતા હતા. એ વાત ખરી નથી કે મનીષા જયારે પ્રેગ્નન્ટ હતી તે વખતે નવ મહીના સુધી નોકરી પર જતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સાત થી આઠ મહીના સુધી જતી હતી અને સ્વેચ્છાથી જતી હતી. મનીષા ડીલીવરી પછી મેટરનીટી લીવમાં તેમના મમ્મીના ઘરે વીસનગર ખાતે ગયેલી. ડીલીવરી પછી આશરે ૩–૪ મહીના વડોદરા ખાતે હતી અને એક મહીના વીસનગર ગયેલી અને થોડા દિવસો માટે ગાંધીનગર પણ ગયેલી.એ વાત ખરી છે કે મનીષા વડોદરામાં તેની જોબ હતી તેના માટે હતી. તમે તમારી સોગંદનામાની જુબાનીમાં

જણાવેલ છે મનીષા વીસનગર ખાતે ડીલીવરી કરાવવા માટે ઈચ્છતી ન હતી જેથી તે વડોદરા ખાતે હતી એ વાત ખરી છે એ વાત ખરી છે કે તેઓ વીસનગર ખાતે ડીલીવરી કરાવવા ઈચ્છતી ન હતી. એ વાત ખરી નથી કે મને એકલા રહેવા ફાવતુ ન હતુ એટલે મે મનીષાને એકજ મહીનમાં પિયરથી પરત બોલાવી દીધેલા. એ વાત ખરી છે કે મારા મોટાભાઈની દિકરી મારી દિકરી કરતા મોટી છે. એ વાત ખરી છે કે અમારા ઘરમાં ત્રણ છોકરીઓ છે. એ વાત ખરી નથી કે મારા મોટાભાઈ જયારે પહેલી વખત મારી દિકરી રીષીકાને મળવા માટે આવેલા ત્યારે મારા મોટાભાઈએ જણાવે કે '' રેનીશ તને તો દિકરી આવી છે અને કાળી છે.''એ વાત ખરી નથી કે તે વખતે મારા પિતાએ પણ બન્ને ભાઈઓને જણાવેલ કે '' તમે બન્ને ભાઈઓએ કોઈ પાપ કરેલા છે તમારા બન્નેના ઘરે દિકરીઓ આવેલી છે.'' એ વાત ખરી નથી કે મે મારા સોગંદનામામાં ખોટી હકીકત જણાવેલ છે કે દિકરીના જન્મ પછી અમારા ઘરે સારો અને ખુશીનો માહોલ હતો. એ વાત ખરી છે કે મારી દિકરી દોઢ વર્ષની હતી તે વખતે ખુબજ બિમાર પડી ગયેલી અને સંગમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલી. એ વાત હાલ મને યાદ નથી કે તે વખતે મારી પત્ની મનીષાએ અઢી મહીનાની પેઈડ લીવ લીધેલ હતી કે કેમ. એ વાત હાલ મને યાદ નથી કે સં ગમ હોસ્પિટલનુ આખુ બીલ મનીષાએ ભરેલુ કે કેમ. તમે તમારા સોગં દનામાના પેરા નં ૧૧ માં જણાવેલ છે કે ડીલીવરીની ૧૧ માસ પછી મનીષા તેમના પિયર તથા ગાંધીનગર ખાતે મોટાભાઈના ઘરે પણ રહેવા માટે ગયેલા તો કયા મોટાભાઈના ઘરે ગયેલા.મારા મોટાભાઈના ઘરે ગાં

ધીનગર ગયેલા. એ વાત ખરી નથી કે જ્યારે મારી પત્ની મનીષા પ્રેગનેન્ટ હતી ત્યારે ચોથા માસમા તેઓએ મને રસોઈ બનાવવા વાળી રાખવા માટે જણાવેલુ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે પોતે સામે થી કીધેલુ હતુ.એ વાત ખરી નથી કે ઉપરોકત જણાવેલ હક્કીત હુ ખોટી જણાવુ છુએ વાત ખરી નથી કે મે મારી પત્નીને મારા ઓફીસના મીત્રના અનુભવ જે રસોઈ બનાવવા વાળી રાખવા બાબતે કહેલ હતુ તે સંભળાવેલુ. એ વાત હાલ મને યાદ નથી કે રસોઈ બનાવવા વાળી અમોએ સાતમા માસથી રાખેલ કે કેમઘણી વખત એવુ થતુ હતુ કે વીકેન્ડ વખતે તમે તમારા માતા પીતાને ત્યા ગાંધીનગર જતા હતા કે તે બન્ને વડોદરા આમારે ત્યા આવતા હતાક્યારેક ક્યારેક એવુ બનતુ હતુ. એ વાત ખરી છે કે મારી પત્નીને મેટરનીટી લીવ પછી અઢી મહીનાની પેઈડ લીવ પણ લેવાની જરૂર પડી હતી એ વાત ખરી છે કે મારી પત્નીના ઓફીસ તથા અમારા ઘર વચ્ચે આશરે ૧૦ થી ૧૧ કી.મી નુ અંતર હતુ એ વાત ખરી છે કે મારી પત્ની તેમના ઓફીસના લન્ચ દરમીયા ટુ વ્હીલર પર ફીડીંગ કરાવા માટે ઘરે આવતા મે મારા સોંગદનામાના પેરા–૧૦ જણાવેલ હકીકત સાચી જણાવી છે એ વાત ખરી છે અમારી દીકરીનો જન્મ મે–૨૦૧૭ મા થયેલ હતો એ વાત હાલ મને યાદ નથી કે મારી પત્નીએ આઈ.ઈ.એલ.ટી.એસ. ની પરીક્ષા નવેમ્બર ૨૦૧૮ મા આપેલ હતી કે કેમ. એ વાત હાલ મને યાદ નથી કે મારી પુત્રીના જન્મના દોઢ વર્ષ પછી પરીક્ષા આપેલી કે કેમ એ વાત ખરી નથી કે લોન કઢાવવાનુ કે વ્યાજ ભરવાનુ મને ગમતુ નથી એ વાત ખરી છે કે મારી પત્નીએ ભણતરની લોન લીધેલ હતી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લગ્ન પહેલા લીધેલ હતી. એ વાત ખરી છે કે મે મારા સોંગદનામાના પેરા–૧૨ મા એવી હકીકત જણાવેલ છે કે ઉપરોકત જણાવેલ લોન મારા સહયોગ થી પુરી થયેલી. સદરુ લોનની રકમ કોણે ભરેલી મારી પત્ની મનીષાએ તેમના પગારમા થી હપ્તો ભરતી હતી અને

છેલ્લે આશરે બે લાખ રુપીયા મારા પીતાએ ભરેલા અને છેલ્લે થોડી રકમ મે પણ તેને રોકડમા આપેલી.ઉપરોકત જણાવેલ રકમ જે તમારા પીતાએ ભરેલી તે રકમ તમારી પત્નીએ વ્યાજ સાથે તમારા પીતાને પરત આપેલી દીધેલી હતી હા પરંતુ નોમીનલ વ્યાજ સાથે આપેલી છે એ વાત ખરી નથી કે જે વ્યાજની રકમ મારી પત્નીએ બેન્કમાં ભરવાની હતી તે રકમ મારા પીતાને ભરેલી છે એ વાત ખરી છે કે મારી પત્નીને મારી માતાના એન.પી.એસ ના એકાઉન્ટમા રુ.૫૦,૦૦૦/– ભરેલા છેએ વાત ખરી છે મારી ભાભીની ગોદભરાઈ માટે મારા માતાની જવાની તૈયારીમા મારી પત્નીએ બધી મદદ કરેલી. તમે તમારા સોંગદનામાના પેરા–૧૩ મા જણાવેલ હકીકત તમારી માતેએ મનીષાબેનને રકમ કઈ રીતે એ વાત ખરી છે કે સામાન્ય રીતે બધા માતા પીતા માટે બધા બાળકો એક સરખા જ હોઈ છ એ વાત ખરી છે કે રાજસ્તંભ વાળુ મકાન એસ.બી.આઈ માથી લોન લઈને લીધેલ છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અડધી રકમ મારા પીતાએ ભરેલી અને અડધી રકમ લોન લીધેલ એ વાત ખરી છે કે ઉપરોકત જણાવેલ લોન ના હપ્તા મારા ખાતામાંથી જતા હતા તમે તમારા સોંગદનામામાં જણાવેલ છે કે ઉપરોકત લોનની પુરેપુરી રકમ તમારા માતા પીતાએ ચુકવેલી છે તો તે ખોટુ જણાવેલું છે ૮૦ થી ૯૦ ટકા મારા પીતાએ ભરેલી છે એ વાત ખરી છે કે મે મારા સોંગદનામામાં જણાવેલ છે કે હુ પુત્ર થતો હોવાથી સદરુ મકાન મારા નામ પર મારા પીતાએ કરી આપેલ છે. તમારા સોંગદનામાના પેરા – ૧૫ મા કીશાન વીકાસ પત્ર તમારા નામે પણ છે એ વાત ખરી નથી કે ઉપરોકત જણાવેલ વીકાસ પત્રમાં રકમ મનીષાના પીતાએ રોકેલી છે ઉપરોકત વીકાસ પત્ર હજુ સુધી વટાવેલા નથી ને તે વીકાસ પત્ર મારી પત્ની પાસે છે એટલે મને ખબર નથી એ વાત ખરી છે કે જ્યારથી અમે બન્ને અલગ અલગ રહી છીએ ત્યારથી મારી પુત્રીની સ્કુલ ફીસ સીવાય બીજી કોઈ રકમ મે મનીષાના ખાતા મા આપેલ

નથી એ વાત ખરી છે કે હુ પારૂલ યુની. મા નોકરી કરતો હતો એ વાત ખરી નથી કે પારૂલ યુની. મા ટીચરની પ્રોકસી બાબતે એક કેસ થયેલો હતો અને જેમા યુની દ્વારા ઇન્ક. પણ કરાવામાં આવેલી હતી. તમોને ક્યા કારણ સર થી પારૂલ યુની. માથી બેદખલ કરવામા આવેલા? હુ જતો નહી હતો અને વધારે રજાઓ લેતો હતો જેથી બેદખલ કરેલ એ વાત ખરી છે કે મે મારા સોંગદનામાના પેરા–૧૮ મા જણાવેલ હકીકત સાચી જણાવેલ હતી એ વાત ખરી નથી કે મને પારૂલ યુની માથી બેદખલ કરવામાં આવેલો એટલો હુ ઘરે રહી ને મારી દીકરીની દેખી મેળ કરતો હતો સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી દીકરી ની દેખભાળ કરતી વખતે વર્લી ઇન્ડીયા પ્રા. લી. મા કામ કરતો હતો પારૂલ મા નહી કરતો હતો. હુ વર્લી ઇન્ડીયા પ્રા.લી મા આશરે ૧૧ વર્ષ થી વધારે નોકરી કરેલી છે ત્યારબાદ હાલ જ્યા નોકરી કરુ છુ ત્યાજ નોકરી કરુ છુ. એ વાત ખરી નથી કે લગ્ન દરમીયાન કે દર મહીને મે મારી પત્નીને કોઈ ચોકક્સ રકમ આપેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઓનલાઇન તથા રોકડ રકમ આપેલી છે જેમાથી રોકડ રકમ વધારે આપતો હતો ઓનલાઇન બોવ ઓછી આપેલ છે. એ વાત ખરી છે કે છુટા પડેલા પછી મે મનીષાને તેડીને લઈ જવા માટે કોઈ નોટીસ આપેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ પોતે તેડવા માટે ધણી વાર તેમના ઘરે તથા તેમના મામાના ઘરે ગયેલ હતો તથા મારા માતા પીતા પણ તેડવા માટે જતા હતા. એ વાત ખરી છે કે સેકશન–૯ હેઠળ લગ્ન જીવન માટે નો કોઈ કેસ કરેલ નથી અને મારી દીકરીની કસ્ટડી માટે પણ મે કોઈ કેસ કે અરજી કરેલ નથી કે તેને મળવા માટે પણ કોઇ અરજી કરેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કોર્ટ મા મૌખીક રજુઆત કરેલી છે. એ વાત ખરી છે કે મારી દીકરીને મળવા માટેની રજુઆત કોર્ટમાં આવ્યા પછી જ કરેલ છે એ વાત ખરી નથી કે મને એવી છોકરીની જરૂરીયાત હતી કે જે ભણેલી ગણેલી હોઈ, છોકરાઓ નુ ધ્યાન રાખે અને ઘરના સભ્યોનુ ધ્યાન રાખે તથા

મારાથી કોઈ નાણાકીય સહાય માંગે નહી અને હુ કમાવ કે નહી કમાવ તે મારુ ઘરનુ ધ્યાન સારી રીતે રાખીલે એ વાત ખરી નથી કે મે મારી પત્નીને કોઈ માનશીક કે શારીરીક ત્રાસ આપતો હતો.

15. આ કામના સામાવાળા નં.ર આંક–ર૬ થી પોતાની સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે. જે વંચાણે લીધી અને તે જવાબની હકીકતોનુ પુનરાવર્તન હોય તેની વિશેષ ચર્ચા અત્રે કરવામાં આવતી નથી તથા અરજદાર તરફે તેઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરતાં સામાવાળાએ સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે મારા દ્રારા આંક ર૬ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે જે મે વાંચીને સહી કરેલી છે. મનીષાબેનના પરીવારવાળા લગ્ન કરવા માટે ઉતાવળ કરતા હતા જે હકીકત તમે તમારા સોગંદનામાના ફકરા નં ૪ માં જણાવેલી છે તે તમોને કયાંથી જાણવા મળેલી રેનીશભાઈએ જણાવેલ. મનીષાબેન તેઓની પહેલી ડીલીવરી પિચરમાં કરવા ઈચ્છતા ન હતા જે હકીકત તમે તમારા સોગંદનામાના ફકરા નં પ માં જણાવેલી છે તે તમોને કયાંથી જાણવા મળેલી રેનીશભાઈએ જણાવેલ. તમારા સોગંદનામાના પેરા નં ૬ માં જણાવેલી હકીકત કયા સમયગાળાની છે તમે જણાવી શકશો આશરે સને ર૦૧૬ કે ર૦૧૭ ની છે. મે મારી પત્નીનો મોબાઈલ નંબર કયારેય પણ ચેન્જ કરાવેલા નથી. મારી પત્ની પાસે એક જ મોબાઈલ નંબર છે. જેનો નંબર – ૮૪૮૭૦ ૫૯૧૦ર છે. તમે તમારા સોગંદનામામાં જણાવેલ છે મનીષાબેન અને મારી પત્નીની સારી મિત્રતા છે, તમારી પત્ની તથા મનીષાબેનને કેટલી વખત ફોન પર વાતચીત થયેલી છે બે થી ત્રણ વખત.

એ વાત ખરી છે કે પેરા નં ૭ માં હકીકતો કે રેનીશનો સ્વભાવ શકી છે તેથી તેઓએ મારો નંબર બદલાવી દીધેલ છે કે સોશીયલ મીડીયા એકાઉન્ટ બંધ કરાવી દીધેલ છે તેવી કોઈપણ હકીકત મનીષાબેને મારી પત્નીને કયારેય પણ જણાવેલ નથી. તમે તમારા સોગંદનામાના પેરા નં ૮ માં જણાવેલ છે કે, મનીષાબેન જાન્યુ–૨૧ માં અમદાવાદ ખાતે બેનના ચાર–પાંચ દિવસ માટે જવાના છે તેવુ તમને જાણવા મળેલુ પણ તે આશરે કઈ તારીખે ગયેલા તમે જણાવી શકશો  આશરે ૧૫ થી ૩૧ જાન્યુઆરીની વચ્ચે. ત્યારબાદ તમે સોગંદનામાના પેરા નં ૯ માં જણાવેલ છે કે મનીષાબેન તેની સાથે પરત રહેવા આવેલ નહી અને વડોદરામાં બીજા મકાન રાખીને રહે છે તે હકીકતની જાણ તમોને કયાથી મળેલી?રેનીશ પાસ ેથી જાણવા મળેલી. એ વાત ખરી છે કે અલગ રહેવા માટેના કારણો રેનીશભાઈએ મને જણાવેલ નહી અને મનીષાભાભીએ મારી પત્નીને જણાવેલ નહી.  તમે તમારા પેરા નં ૮ માં જણાવેલ છે કે એક દિવસ રેનીશનો ફોન આવેલ અને જણાવેલ કે મનીષાની તબીયત સારી નથી એટલે હુ અને તરૂણ અમદાવાદ જઈએ છે તથા અમદાવાદ થી આવ્યા પછી રેનીશે તમોને જણાવેલ કે મનીષાએ જણાવેલ છે કે તમો રીષીકાને લઈ જાવ પછી હુ તબિયત સારી થશે એટલે આવીશ આમ, પલ પલની વાત ફોન કરીને રેનીશે તમોને જણાવેલીએ વાતની મને જાણ છે કે રેનીશભાઈ પહેલા પારૂલ યુનિવસિર્ટીમાં કામ કરતા હતા અને ત્યાંથી તેમની નોકરી ટરમીનેટ કરવામાં આવેલ. કયા કારણોસર તેઓની નોકરી ટરમીનેટ કરવામાં આવેલી હાજરીનો ઈસ્યુ હતો.એ વાત ખરી નથી કે પેરા

નં ૧૦ માં જણાવેલ એલ. ડબ્લયુ. પી ની હકીકત મે ખોટી જણાવેલી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રેનીશભાઈ આખા દિવસ ઘરે રહેતા હતા એટલે મે તેઓથી પુછેલુ અને રેનીશભાઈ મને જણાવેલ કે એલ.ડબ્લયુ.પી લીધેલ. એ વાત ખરી છે કે મનીષાભાભીએ મને ઘરે આવવા માટે કયારેય પણ રોકેલુ–ટોકેલુ નહી અને મને કોઈ કારણો પણ જણાવેલ નહી. તમને મનીષાબેને કયારેય પણ કઈ કીધેલુ નહી તેમ છતાં જાતે નકકી કરી દીધેલુ કે મનીષાબેન દ્રારા મુકવામાં આવેલ આક્ષેપો બધા ખોટા છે આક્ષેપો ખોટા છે તે હુ માનુ છુ કારણ કે હુ રેનીશભાઈને નાનપણથી ઓળખુ છુ અને તેઓના સ્વભાવ સાથે વાકેફ છુ. તમે રેનીશભાઈના મિત્રોના નામો જણાવી શકશો દક્ષેશ, નિકુલ, ગોવિંદ, જયેશ, યોગેશ, અમીત. એ વાતની મને જાણ છે કે દક્ષેશભાઈ રેનીશભાઈના ઘરે જયારે રેનીશભાઈ એકલા હોય ત્યારે રહેવા માટે જતા હતા. એ વાતની મને જાણ નથી કે રેનીશભાઈને રાત્રે એકલા રહેવાનુ ફાવે છે કે કેમ. રેનીશભાઈએ તમને કયારેય રાત્રે રહેવા બોલાવેલા ના, હુ મેરીડ છુ અને દક્ષેશભાઈ મેરીડ ન હતો. તમે તમારા પેરા નં ૧૨ માં જણાવો છો કે બેએક વાર તમે પણ ફોન પર ભાભીને સમજાવવાનો પ્રયત્ન કરેલા છે અને રેનીશ તથા મનીષાના સગા–સબંધીઓની સમાધાનની મીટીંગ હોવાની જાણ તમોને છે તમોએ શુ સમજાવેલુ કારણ તો તમને ખબર નથી મે તેઓની શાંતીથી ઘરે આવીને વાત કરવાનુ કીધેલુ. એ વાત ખરી છે કે સમાધાનની મીટીંગની વાત રેનીશભાઈ તથા મનીષાબેનના સબંધી(જીજા) થકી પણ

જાણવા મળેલી. રેનીશભાઈ હાલ સમા ખાતે રહે છે. એ વાત મને ચોકકસ ખબર નથી કે સમાવાળા મકાન તેઓએ કયારે બુક કરાવેલ પરંતુ આશરે પાં ચ વર્ષ વીતી ગયા છે. એ વાત ખરી નથી કે રેનીશભાઈ મારા મિત્ર છે પરંતુ તેઓ મને તેમના તથા મનીષાભાભીના વચ્ચે ડીસ્પ્યુટના કારણો જણાવતા નથી તેમછતાં માત્ર રેનીશભાઈની સાથે મિત્રતા હોવાના કારણે હુ આજરોજ જુબાની આપવા માટે આવેલો છુ.

16. પ્રસ્તુત કેસમાં રેકર્ડ પર આવેલ પુરાવા તથા હકીકતોનુ વિશ્લેષણ અને સમાલોચના કરતા આ કામે અરજદારણે સોંગદ પર આપેલ ઉપરોકત પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે આ કામના સામાવાળા નં.૧ ધ્વારા અરજદારણ પ્રત્યે ઘરેલુ હીંસા ધારાની કલમ–૩ માં દર્શાવ્યા મુજબની ઘરેલુ હીંસા કરેલી છે કારણ કે અરજદારણના સરતપાસના પુરાવા સબબ સામાવાળાએ તેની ઉલટ તપાસ કરેલ હોય પરંતુ સામાવાળા નં.૧ ની તેઓની પત્ની તરફની જવાબદારીમાંથી તે છટકી ગયેલા છે તેમ જણાઈ આવે છે. ત્યારે સર્વગ્રાહય રીતે એમ કહી શકાય કે આ કામે સામાવાળા ધ્વારા અરજદારણ સાથે કૌટુમ્બિક હીંસા આચરેલ હોવાની હકીકત ન માનવાને કોઈ કારણ રહેતુ નથી અને તે રીતે પ્રસ્તુત કેસમાં સામાવાળાએ ઘરેલુ હીંસાના કાયદાની કલમ ૩(૧) માં કરવામાં આવેલ વ્યાખ્યા મુજબ અરજદારણની યાને વ્યથિત વ્યકિતની માનસીક સુખાકારીને હાની પહોંચે તેવા પ્રકારનું ગેરવર્તન કરેલ હોવાનુ તે રીતે કૌટુમ્બિક હીંસા આચરેલ હોવાનુ જણાય આવે છે. વધુમાં, આ

કામમા પડેલ પુરાવો જોવામા આવે તો અરજદારની જુબાનીમાં રજૂ કરેલ હકીકતો ને લક્ષમા લેતા ઘરેલુ હીંસાના કાયદાની કલમ:૩(ક) માં કરવામા આવેલ વ્યાખ્યા મુજબ વ્યથિત વ્યકિતની માનસિક સુખાકારીને હાની પહોં ચાડી તેવા પ્રકારનું કાર્ય હોવાનું ચોકકસપણે પડેલા પુરાવા ઉપરથી કહી શકાય, તેમજ સામાવાળાનુ કૃત્ય ભાવનાત્મક શોષણમાં પડતુ હોવાનું જણાઈઆવે છે.

17. ઉપેક્ષા એ ભાવાત્મક શબ્દ છે. તેમજ માનસીક પ્રક્રિયા ધ્વારા ફલીત થતી લાગણી છે. ઉપેક્ષા સામાન્ય રીતે વાણી અને વર્તનમાથી ઉતરી આવે છે. પત્નીના કિસ્સામાં જોવામાં આવે તો પત્નીને અંગત જીવનમાં કૌટુંબીક રીતે તથા બાહ્ય જીવનમાં સામાજીક રીતે એક પત્નિનો દરજજો પ્રાપ્ત થાય તે આવશ્યક છે. સતત અપમાનીત વ્યવહાર માનસિક ત્રાસ ગણાય. તેમજ તે પ્રત્યક્ષ ઉપેક્ષા તથા આડકતરો ઈન્કાર ગણી શકાય. તેના કારણે વ્યકિતનું સ્વમાન ઘવાય છે. તેમજ લાગણી દુભાય છે. માત્ર બે વખતનું જમવાનું મળે અને રહેવા માટેનો આશ્રય મળે તે ભરણ પોષણ માટે પુરતુ નથી.પરંતુ માનવી ને માનવ તરીકે મૂલવવામાં આવે તે બાબત પણ અગત્યની છે.

18. આમ, અરજદારનું ભાવનાત્મક શોષણ થયેલાનું પ્રથમ દર્શનીય માની શકાય તેમ છે. તેમજ તેણીની માનસીક સુખાકારીને સામાવાળાએ અવશ્ય હાની પહોંચાડેલ છે તેમ કહી શકાય, માનસીક સુખાકારી હણાવી અને ભાવનાત્મક શોષણ થવુ એ કોઈ દ્રશ્ય

બાબત નથી પરંતુ  જે વ્યકિતએ તે બાબત અનુભવેલી હોય તે જ વર્ણવી અને અનુભવી શકે તે માટે કોઈ મૌખિક કે લેખિત પુરાવો મળવો મુશ્કેલ છે. પતિ પત્નીના જીવનમા અંતરંગ બાબતો વિશે ભાગ્યે જ કોઈને જાણ હોય છે અને આવા પ્રસંગે કાયદાનો જે ઉદ્દેશ્ય છે તેને લક્ષમા લઈને પુરાવાની મુલવણી કરવી રહી. રેકર્ડ ઉપર પ્રાપ્ય પુરાવાને કાયદાના ઉદ્દેશ્યના સંદર્ભમા જોવામા આવે તો ચોકકસપણે એમ કહી શકાય કે સામાવાળા એ ઘરેલુ હીંસાના કાયદાની કલમ–૩ મા કરવામા આવેલી વ્યાખ્યા મુજબની ઘરેલુ હીંસા કરેલ છે. વધુમાં સામાવાળા નં. ૨ અને ૩ વિરુધ્ધ કોઈપણ પ્રકારનો શારીરિક માનસિક ત્રાસ આપવાની કોઈપણ હકીકત સમગ્ર પુરાવો જોતા પુરવાર થઈ શકેલ નથી.

19. ઉપરોકત ચર્ચાના અનુસંધાને આ કામમાં અરજદાર ઘરેલું હીંસાનો ભોગ બનેલા હોય તેવુ સ્પષ્ટ થાય છે .જયારે કલમ–૨૦ અન્વયે નાણાંકીય સહાય અંગે અરજદારણને થયેલ માનસીક, શારીરીક ત્રાસ કારણે જે સારવાર કરાવી પડેલ તે તેમજ ભવિષ્યમાં તેઓના ત્રાસના કારણે વેઠવી પડે તેવી તમામ તકલીફો અનુસંધાને સામાવાળાઓ પાસેથી આર્થીક સહાય અપાવવા અરજ કરેલ છે. જેમાં તેઓએ કલમ (૨૦) માં અરજદાર તથા તેઓની બાળકીને યોગ્ય ઉચક ચુકવણી પેટે રૂા.૧,૫૦,૦૦૦/– વચગાળાની રકમ તથા પુત્રીને માસિક ભરણપોષણ પેટે રૂા. ૫૦,૦૦૦/– ની માંગણી કરેલ છે. ત્યારે હાલના કાયદાની કલમ–૨૦(૩) મુજબ નાણાંકીય સહાય પર્યાપ્ત, ન્યાયી, વ્યાજબી અને જીવન ધોરણ સાથે સુસંગત હોવી જોઇએ. જેથી સદર કામનુ રેકર્ડ જોતા, સદર

કામે અરજદારને મળવાપાત્ર આર્થિક સહાય અરજદાર સામાવાળા નં.૧ પાસેથી તેઓની દીકરી માટે માસીક રૂ.૫૦,૦૦૦/- અપાવવા અરજ કરેલ છે જયારે અરજદારણની સોગંદ ઉપરની જુબાનીમાં સામાવાળા તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો એવી હકીકત કબુલ રાખેલ છે કે,તેઓ પોતે પણ એલ.એન.ટી માં નોકરી કરે છે અને તેઓનો પગાર એક લાખ કરતા વધારે છે અને સામાવાળા પણ એક સારી કંપનીમાં કામ કરે છે. આમ, અરજદારના સામાવાળા નં.૧ સાથે કાયદેસર લગ્ન થયેલ હોય અને સામાવાળા નં.૧ ની અરજદાર તથા તેઓની દીકરી તર્ફે કાયદેસરની જવાબદારી બનતી હોય પરંતુ અરજદારને સામાવાળા નં.૧ એ ત્યજી દીધેલ હોય ભરણપોષણની કોઈ દરકાર લીધેલ ન હોય અને હોવાની હકીકત સ્પષ્ટ છે ત્યારે આજના મોંઘવારી તથા પ્રવર્તમાન આવક ના ધોરણ ધ્યાને લઈ અરજદાર તથા તેઓની દીકરીના ભરણપોષણ માટે સામાવાળા નં.૧ થી મેળવવા અરજદાર હકકપાત્ર અને ન્યાયી જણાય છે.

20. જયારે ડી.વી.એકટની કલમ-૨૨ મુજબ અરજદારે, શારીરિક માનસીક ત્રાસના વળતરના રૂા.૫૦,૦૦,૦૦૦/-ની માંગણી કરેલ છે. જયારે સદર કામે અરજદારે કે જે ભોગ બનનાર છે તેઓ શારીરિક ત્રાસ બાબતે કોઈ પુરાવો રજુ કરેલ નથી કે જેનાથી તેઓ વળતર મેળવવા હકકદાર બનતા હોય.

21. ઉપરોકત સમગ્ર ચર્ચા ને લક્ષમાં લેતાં આ કામના અરજદારે હાલની અરજી સાબીત કરવામાં અંશત: સફળ થયેલાં હોય, તથા સામાવાળા નં. ૧ નાઓએ ઘરેલુ હીંસાના કાયદાની કલમ ૩(૧) માં કરવામાં આવેલ વ્યાખ્યા

મુજબ અરજદારણની યાને વ્યથિત વ્યક્તિની માનસીક સુખાકારીને હાની પહોંચે તેવા પ્રકારનું ગેરવર્તન કરેલ હોવાનુ તેમજ તેણીનું અપમાન કરી ભાવાત્મક સંતાપ કરેલ હોવાનુ તેમજ તેણીની ઉપેક્ષા ઉપહાસ કરેલ હોવાનુ અને તે રીતે કૌટુમ્બિક હીંસા આચરેલ હોવાનુ પુરવાર થતુ હોય જેથી મુદ્દા નો નિર્ણય તે રીતે આપી તથા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૨ અંશત: પુરવાર થતો હોય, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**:: <u>હુકમ</u> ::**

(૧) અરજદારની હાલની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામનાં સામાવાળા નં. ૧ નાઓએ અરજદારને અરજીની તારીખથી દર માસે ચડયે ચડયા, નિયમીતરીતે આર્થિક સહાય પેટે અરજદારની દીકરીને માસીક રૂ. ૨૦,૦૦૦ /- (અંકે રૂપીયા વીસ હજાર/- પુરા) ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના સામાવાળા નં.૧ નાએ અરજદારને સદર અરજીના ખર્ચ પેટે રૂપિયા ૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) અલગથી ચુકવી આપવાનો તથા વળતર પેટે રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા/-) આપવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૪)આ કામના સામાવાળા નં. ૧ અરજદાર તથા તેઓની દીકરી માટે ભાડાના મકાનના ભાડા પેટે માસિક રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂા. પંદર

હજાર પુરા) અરજીની તારીખથી દર માસે ચડયે ચડયા, નિયમીતરીતે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૨૪ મુજબ ઠરાવની એક એક નકલ પક્ષકારને વિનામુલ્યે પુરી પાડવી. રક્ષણ અધિકારીશ્રીને આદેશ આપવામાં આવે છે કે, જો અરજદાર હુકમના અમલ માટે મદદ, સહાય માંગે તો ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ,૨૦૦૫ ની જોગવાઈઓ તથા નિયમોને આધીન યોગ્ય કાયદેસરની મદદ અરજદારને પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૧૧ મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૫
વડોદરા.

(એસ.આર.આહુજા)
૧૦માં એડી.જયુડી. મેજીસ્ટ્રેટ.ફ.ક.
વડોદરા.
કોડ નં ૦૧૭૪૨